**આજનો સુવિચાર**

સાચા જ્ઞાની માનવીનું કામ પોતાની જ ભૂલો સુધારવાનું અને શોધવાનું હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૭ જૂનાગઢ તા.૨૪-૦૧-૨૦૨૫ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 37, Junagadh : Date : 24 January, 2025, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### આણંદ જીલ્લામાં ખંભાત તાલુકાના સોખડા જીઆઈડીસી સ્થિત

# કેમિકલ ફેકટરીમાંથી રૂા. ૧૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ, તા.૨૪ :
કોણ કહે છે કે, ગુજરાતમાં માત્ર દરિયાથી જ ડ્રગ્સ આવે છે. ગુજરાતમાં હવે ડ્રગ્સ બનવા લાગ્યું છે. ગુજરાત સરકારના દાવા ફરી એક પોકળ સાબિત થયા છે. ગુજરાતમાં હવે ગામેગામ ડ્રગ્સની ફેકટરીઓ ધમધમતી થઈ ગઈ છે. ખંભાતના સોખડાની કેમિકલ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાયું છે. ATSએ ૧૮ કલાક સુધી ઓપરેશન ચલાવ્યું હતું. જેમાં ગ્રીન લાઈફ ફેકટરીમાં ડ્રગ્સ બનાવવામાં આવતું ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. ફેકટરીમાંથી ૧૦૦ કરોડથી વધુનું ડ્રગ્સ મળ્યું હોવાની શંકા છે.

## ડ્રગ્સનું હબ બનેલા ગુજરાતમાં એટીએસ એ સપાટો બોલાવ્યો : ૬૦ અધિકારીઓ દ્વારા ૧૮ કલાક ઓપરેશન ચાલ્યું

ખંભાતની સોખડા GIDC વિસ્તારમાં ડ્રગ્સ બનાવતી કંપની પર ATS એ દરોડા પાડયા હતા. ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં ડ્રગ્સ બનાવવામાં આવતું હતું તેવી બાતમી એટીએસને મળી હતી. ત્યારે આણંદની એસઓજી પોલીસ અંધારામાં રહી અને ATS એ દરોડા પાડીને સપાટો બોલાવ્યો હતો. ફેકટરીમાંથી ૧૦૦ કરોડથી વધુનું ડ્રગ્સ મળ્યું હોવાની શંકા છે.

ખંભાતના સોખડા સ્થિત જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં એન્ટિ ટેરેરિસ્ટ સ્કવોર્ડ (એટીએસ)ની ટીમે દરોડા પાડ્યા હતા. સ્કવૉર્ડના ૬૦થી વધુ અધિકારીએ સર્ચ ઓપરેશન હાથ ધરીને રૂપિયા ૧૦૦ કરોડથી વધુનો નશાયુક્ત પાઉડર કબજે કર્યો હતો. એટીએસની ટીમ ફૅક્ટરીના સંચાલક સહિત કુલ ૬ લોકોની ધરપકડ કરી તમામને અમદાવાદ લઈ ગઈ છે, જ્યાં તેમની પૂછપરછ ચાલી રહી છે. સમગ્ર મામલે ATS તપાસમાં વધુ ખુલાસા થવાની સંભાવના છે.

ગુજરાતનાં નાનાં શહેરો અને જિલ્લાઓનાં ગામમાં આવેલી ફેક્ટરીઓને ભાડે રાખીને ડ્રગ્સ બનાવવામાં આવતું હોય છે ત્યારે, વધુ એક ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ગુજરાત એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવી છે. આણંદના ખંભાત નજીકથી અલ્પ્રાઝોલમ દવા બનાવવા માટે ઉપયોગ થતાં ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

એટીએસએ જ્યારે તપાસ કરી ત્યારે ઊંઘની દવા અલ્પ્રાઝોલમ બનાવવા માટે જે ડ્રગ્સનો ઉપયોગ થતો હોય છે તે મળી આવ્યું હતું.

## મહારાષ્ટ્રના ભંડારા સ્થિત ઓર્ડિનન્સ ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ : પાંચના મોત



ભંડારા તા.૨૪
મહારાષ્ટ્રના ભંડારા સ્થિત ઓર્ડિનન્સ ફેક્ટરીમાં વિસ્ફોટ થયો છે. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. બ્લાસ્ટનું કારણ જાણી શકાયું નથી. મળતી માહિતી મુજબ વિસ્ફોટના કારણે છત પડી ગઈ હતી જેને જેસીબીની મદદથી દૂર કરવામાં આવી રહી છે. છત નીચે ૧૨ લોકો દટાયા હોવાની આશંકા છે. બે લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ ફેક્ટરીમાં પહોંચી ગઈ છે.

ઓર્ડનન્સ ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટનો અવાજ ૪-૫ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. આકાશમાં ઉડતો ધુમાડો પણ ઘણા કિલોમીટર દૂરથી દેખાતો હતો. ડિફેન્સ પીઆરઓના જણાવ્યા અનુસાર, ફેક્ટરીના એક ભાગની છત તૂટી પડી છે જેને જેસીબીની મદદથી દૂર કરવામાં આવી રહી છે. ત્યાં કુલ ૧૨ લોકો દબાઈ ગયા હતા. જેમાંથી ૨ લોકોને બચાવી લેવાયા છે. ભંડારાના કલેક્ટર સંજય કોલ્ટેના જણાવ્યા અનુસાર, જવાહર નગર ભંડારામાં ઓર્ડનન્સ ફેક્ટરીમાં વિસ્ફોટ બાદ ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. બચાવ કામગીરી ચાલુ છે. જવાહર નગર સ્થિત ઓર્ડનન્સ ફેક્ટરીના RKR બ્રાન્ચ વિભાગમાં આ વિસ્ફોટ થયો હતો. અહીં RDX બનાવવામાં આવે છે. તેમાં જ વિસ્ફોટ થયો હતો. મૃત્યુઆંક વધવાની આશંકા છે. જે ઈમારતમાં વિસ્ફોટ થયો હતો તે સંપૂર્ણપણે નાશ પામી છે.

## પ્રિયંકા ચોપરાની અનુજા ફિલ્મ ઓસ્કાર નોમિનેશનમાં શામેલ




નવી દિલ્હી તા.૨૪
૨૦૨૫ ના ઓસ્કાર નોમિનેશનમાં ભારતનું વર્ચસ્વ છે. ગુરુવારે ૯૭મા એકેડેમી એવોર્ડ્સ માટે નામાંકનોની જાહેરાત કરવામાં આવી હતી. પ્રિયંકા ચોપરા અને ગુનીત મોંગાની ફિલ્મ અનુજાને બેસ્ટ લાઈવ એકશન શોર્ટ ફિલ્મ કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. હકીકતમાં, ૧૮૦ ફિલ્મોમાંથી, ફક્ત પાંચ ફિલ્મોને શ્રેષ્ઠ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ શ્રેણીમાં નામાંકિત કરવામાં આવી છે અને તેમાંથી એક ભારતીય ફિલ્મ અનુજા છે. અનુજા સાથે નોમિનેટેડ ફિલ્મોમાં એલિયન, આઈ એમ નોટ અ રોબોટ, ધ લાસ્ટ રેન્જર અને અ મેન હુ વોડ નોટ રિમેઈન સાયલન્ટનો સમાવેશ થાય છે.

## ટ્રમ્પને ફટકો : બર્થરાઈટ સિટીઝનશીપ સમાપ્ત કરવાના આદેશ પર અદાલતે બ્રેક મારી



વોશીંગ્ટન, તા.૨૪:
ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ ચૂંટણી કેમ્પેઈન સમયે જ વચનો આપ્યા હતા કે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા પ્રવાસીઓને બહાર કરવામાં આવશે. આ માટે તેમણે કડક નિર્ણયો પણ લીધા. જેમાંથી એક હતો બર્થરાઈટ સિટિઝનશીપનો અધિકાર. જે હેઠળ અમેરિકામાં જન્મેલા બાળકોને જન્મજાત અમેરિકાની નાગરિકતા મળી જતી હતી. તેનાથી તેમના અપ્રવાસી માતા પિતાને પણ અમેરિકામાં રહેવામાં સરળતા રહેતી હતી. પરંતુ ટ્રમ્પે રાષ્ટ્રપતિ બનતાની સાથે જ એકઝિકયુટીવ ઓર્ડર પાસ કર્યો કે આગામી ૩૦ દિવસ બાદ આ કાયદો ખતમ થઈ જશે. પરંતુ અમેરિકી કોર્ટે ટ્રમ્પના આ બર્થરાઈટ સિટિઝનશીપ ખતમ કરવાના ઓર્ડર પર રોક લગાવી દીધી છે. અમેરિકાની એક કોર્ટે નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સૌથી મોટો ઝટકો આપતાં બર્થરાઈટ સિટીઝનશિપ ખતમ કરવાના તેમના આદેશ પર રોક લગાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે પ્રમુખ બનતાં જ ટ્રમ્પે આદેશને લગતા એક એકઝિકયૂટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરતાં અમેરિકામાં લાખો લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

આ નવા પ્રસ્તાવિત કાનૂન તા.૧ ફેબ્રુ.થી લાગુ થવાનો હતો જે મુજબ જે યુગલ અમેરિકી નાગરીકત્વ ધરાવતા નથી તેમના સંતાનોને અમેરિકામાં જન્મ સાથે જ આપોઆપ અમેરિકી નાગરીકત્વ મળી જાય છે. ટ્રમ્પ શાસને તેને આ અધિકાર રદ કરતા આ દેશમાં વસતા લાખો યુગલો જેઓ હજુ સીટીઝનશીપ મેળવી શકયા નથી અને તેના માટે ૧૦૦ વર્ષની રાહ જોવી પડે તેવી લાંબી કતાર છે.

## વડોદરાની ત્રણ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ઈ-મેઈલથી ધમકી મળી : ભારે દોડધામ

વડોદરા,તા.૨૪
દિલ્હી-મુંબઈ બાદ સ્કુલોને બોંબની ધમકીનો રેલો હવે ગુજરાત સુધી પહોંચી ગયો છે. તેમ વડોદરાની સ્કુલને ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ પાઠવાતા ખળભળાટ સર્જાયો છે. પોલીસ કાફલો સ્કુલ પરિસરમાં પહોંચી ગયો હતો અને ધનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

થોડા વખત પૂર્વે દિલ્હીની સંખ્યાબંધ સ્કુલોને બોંબથી ઉઠાવવાની ધમકી અપાઈ હતી. ગઈકાલે મુંબઈની સ્કુલોને આવી ધમકી મળી હતી આજે વડોદરાની નવરચના સ્કુલને બોંબથી ઉડાવવાની ધમકી આપવામાં આવી હતી.

વડોદરામાં નવરચનાની ત્રણ સ્કુલ છે.ભાયલી વિસ્તારમાં એક તથા સમા વિસ્તારમાં બે સ્કુલો છે ત્રણેય સ્કુલને બોંબથી ઉડાવવાનો ધમકીભર્યો ઈ-મેલ સ્કુલ પ્રિન્સીપાલને પાઠવવામાં આવ્યો હતો.

સ્કુલના પ્રિન્સીપાલે વહેલી સવારે મેલ ચેક કરતાં ધમકીભર્યો સંદેશો માલુમ પડયો હતો જેને પગલે તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ, બોંબ સ્કવોડ, ડોગ સ્કવોડ, સસહિતના કાફલાને સ્કુલ પર ખડકી દેવામાં આવ્યો હતો. સ્કુલ બીલ્ડીંગ ઉપરાંત સ્કુલ બસ વગેરેનું પણ ચેકીંગ કરાયું હતું.


**રોટ.. રોટ.. રોટ..**

પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩


## પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી



નવી દિલ્હી, તા.૨૪ :
ખાલિસ્તાની આતંકી ગુરુપતવંત સિંહ પન્નૂએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી છે. ત્યાર બાદ માનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ફરીદકોટમાં ૨૬ જાન્યુઆરીના પ્રોગ્રામમાં ભગવંત માન તિરંગો ફરકાવવાના હતા. પણ હવે તેમની જગ્યાએ કેબિનેટ મંત્રી બરિંદર ગોયલને ઝંડો ફરકાવવાની જવાબદારી સોંપાઈ છે. પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટિસના તાજેતરની ધમકીઓ પહેલા ગુપ્તચર એજન્સીઓએ ભગવંત માનની સુરક્ષાને લઈને એલર્ટ જાહેર કર્યું હતું. હાલના દિવસોમાં પન્નૂ ભારત વિરુદ્ધ સતત ઝેર ઓકી રહયો છે.

## મહાકુંભની વાયરલ ગર્લ મોનાલીસા સાથે ગેરવર્તન લોકોના ત્રાસથી ચહેરા ઢાંકવા મજબુર



પ્રયાગરાજ, તા.૨૪:
પ્રયાગરજમાં યોજાયેલા મહાકુંભ મેળાની દરેક બાબતો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કુંભમાં આવેલા બાબાઓથી લઈને ત્યાંના ફેરિયાઓ પણ રાતો રાત પ્રખ્યાત થઈ ગયા છે. મહાકુંભમાં મોનાલિસા નામની ૧૬ વર્ષની છોકરી સોશિયલ મીડિયા પરથી ચર્ચામાં આવી છે. તેના રોજે કેટલાક વીડિયો રિલ્સમાં આવી રહયા છે. હાલમાં જ મોનાલિસાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં કેટલાક લોકો તેની સાથે સેલ્ફિ અને ફોટો પડાવવા માટે તેની સાથે ગેરવર્તન કરી રહ્યા હોવાનું જોવા મળી રહયું છે. આ ઘટના સામે આવ્યા બાદ લોકોએ ગુસ્સો વ્યક્ત કર્યો છે.

વાયરલ ગર્લ મોનાલિસા ઈન્દોરથી તેના પરિવાર સાથે માળા વેચવા મહાકુંભ ૨૦૨૫માં આવી છે, આ દરમિયાન તેણે દરેકનું ખેંચ્યું હતું. આ વીડિયોમાં જોવા મળી રહયું છે કે કેટલાક લોકો તેને હેરાન કરી રહયા છે. આ વીડિયોમાં તે લાલ ડ્રેસમાં જોવા મળી રહી છે, અને તે પોતાને ભીડથી બચાવવાનો પ્રયાસ કરી રહી છે. મોનાલિસા સાથે લોકો ફોટો પડાવવા માટે ગેરવર્તન કરી રહ્યા છે જેથી તેના પરિવારે તેને લોકોથી દૂર કરવાનો પણ પ્રયત્ન કરતાં વીડિયોમાં જોવા મળી રહયા છે.

## કોઈપણ ધર્મમાં લાઉડસ્પીકર કોઈ જરૂરી બાબત નથી : બોમ્બે હાઈકોર્ટ

### ધ્વનિ પ્રદુષણ કાયદાનો કડકાઈથી અમલ કરવા પોલીસને નિર્દેશ

મુંબઈ, તા.૨૪:
પ્રાર્થના કરવા અથવા ધાર્મિક મંત્રો ઉચ્ચારવા માટે લાઉડસ્પીકર વાપરવા કોઈ પણ ધર્મની આવશ્યક બાબત નહીં હોવાનું જણાવીને બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે મુંબઈ પોલીસને ધ્વનિ પ્રદૂષણ કાયદા ૨૦૦૦નો કડકાઈથી અમલ કરવાનો મુંબઈ પોલીસને નિર્દેશ આપ્યો છે અને લાઉડસ્પીકર વાપરીને કોઈ ધાર્મિક સ્થળ ધ્વનિ પ્રદૂષણ કરે નહીં તેની તકેદારી રાખવા જણાવ્યું છે.

## સુરતના ગોડાદરા વિસ્તારમાં ગત રાત્રીના ડોકટર પર એસિડ એટેક

સુરત તા.૨૪
સુરતના ગોડાદરા વિસ્તારમાં ગતરાત્રે એક હચમચાવી નાખતી ઘટના બની હતી. શ્રીસાંઈ કિલનિક ચલાવતા ડૉ. શામજી બલદાણિયા પર એક વ્યક્તિ દ્વારા એસિડ એટેક કરવામાં આવ્યો હતો. ગતરાત્રે પોણા આઠ વાગ્યાની આસપાસ એક વ્યક્તિ કેરબો લઈને ડૉક્ટરના કિલનિકમાં ઘૂસ્યો હતો અને સલ્ફ્યુરિક એસિડ વડે ડોક્ટર પર હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટનાના સીસીટીવી કેમેરામાં પણ કેદ થવા પામી છે. ઘટનાના સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, પીળા રંગનો શર્ટ પહેરેલ એક વ્યક્તિ હાથમાં એસિડનો કેરબો લઈને એકાએક દોટ મૂકીને કિલનિકમાં પ્રવેશ કરે છે. શખ્સે ગણતરીની સેકન્ડોમાં ડૉક્ટર પર એસિડ ફેંક્યો હતો. આ હુમલા બાદ ડૉ. બલદાણિયા આ શખ્સ સાથે ઝપાઝપી કરતા જોવા મળે છે.

## ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં લોકો ૫૭૯ કરોડ કિ.ગ્રા. ચા ગટગટાવી ગયા : ચા પીવામાં દેશમાં ગુજરાતનો ત્રીજો ક્રમ



અમદાવાદ તા.૨૪
૨૦૧૯થી લઈને ૨૦૨૩ સુધીનાં ૫ વર્ષના ગાળામાં દેશમાં ૫૭૯ કરોડ કિલોગ્રામ ચાનો વપરાશ થયો. ૨૦૧૯માં ૧૧૧ કરોડ કિગ્રાથી વધીને ૨૦૨૩માં ૧૨૦ કરોડ કિગ્રાએ વપરાશ પહોંચી ગયો છે. ટી બોર્ડ ઓફ ઈન્ડિયાને કરેલી આરટીઆઈમાં આ માહિતી સામે આવી છે. આરટીઆઈમાં છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યવાર ચાની ખપતની પણ માહિતી માંગવામાં આવી હતી પરંતુ ટી બોર્ડે જવાબ આપ્યો કે તેઓ રાજ્યવાર માહિતી એકત્ર કરતા નથી.

ટી બોર્ડ ઓફ ઈન્ડિયાએ આરટીઆઈના અનુસંધાને આપેલી માહિતી મુજબ ૨૦૧૯થી ૨૦૨૩ સુધીમાં દેશમાંથી કુલ ૧૧૨ કરોડ કિલોગ્રામ ચાની નિકાસ કરવામાં આવી જેનું મૂલ્ય ૨૭,૯૭૭ કરોડ રૂપિયા થાય છે. ૨૦૨૩માં ૨૩ કરોડ કિગ્રા ચાની નિકાસ થઈ જેનું મૂલ્ય ૬,૧૬૧ કરોડ રૂપિયા છે. આ ૫ વર્ષના ગાળામાં દેશમાં ૧૨ કરોડ કિગ્રા ચાની આયાત કરાઈ જેનું મૂલ્ય ૧,૮૩૫ કરોડ રૂપિયા છે.

બીડીઓ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ ૨૦૨૩માં દેશમાં સૌથી વધુ ૧૩.૯ કરોડ કિગ્રા ચાની ખપત મહારાષ્ટ્રમાં નોંધાઈ છે. બીજા નંબરે ઉત્તરપ્રદેશમાં ૧૭.૫ કરોડ કિગ્રા અને ત્રીજા ક્રમે ગુજરાતમાં ૧૦.૧ કરોડ કિગ્રા સાથે છે. ત્યારબાદ મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન આવે છે જ્યાં અનુક્રમે ૮.૯ કરોડ કિગ્રા, ૮.૭ કરોડ કિગ્રા અને રાજસ્થાન ૮.૫ કરોડ કિગ્રાનો વપરાશ એક વર્ષમાં નોંધાયો છે.


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચા, અગરબત્તી, વોશીંગ પાવડર, ફ્રાઈમ્સ તથા અન્ય પાઉચ તથા રોલ ફોર્મ

**હવે જૂનાગઢમાં**

મલ્ટીકલર-૮માં પ્રિન્ટીંગ લેમીનેશન તથા પાઉચ રોટોગ્રેવીયર મશીન દ્વારા વ્યાજબી ભાવ, ઉચ્ચ કવોલીટી, સુપર સર્વિસ

**કર્મા પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ**

સાબલપુર, જૂનાગઢ
મો. ૯૪૨૬૪ ૪૩૧૨૩


**સેલ... સેલ... સેલ... સેલ...**

**જૂનાગઢમાં પહેલીવાર સુરતનો પ્રખ્યાત વુમન વર્લ્ડ સેલ બ્રાન્ડેડ આઈટમ પાણીના ભાવમાં**

**પછી કહેતા નહી અમે રહી ગયા...**

માત્ર રૂા.૨૫૦થી લઈને રૂા. ૭૦૦ સુધીમાં અહીં તમને લેડીઝ વેર, કિડ્સવેરમાં વિશાળ કલેકશન મળી જશે તેમજ મેન્સવેર પણ મળશે.
તા. ૧૮ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી -૨૦૨૫ સુધી
સમય : સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી
મો. ૯૯૦૪૪ ૦૬૧૨૮
સરનામું : યમુના વાડી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...




**સંપૂર્ણ આયુર્વેદિક સારવાર**

આયુર્વેદ – પંચકર્મ
ફિઝીયોથેરાપી

- તમામ પ્રકારનાં રોગો
- સાંધાનો દુઃખાવો
- સાયટીકા
- ચેતાતંત્રના રોગો
- માનસિક રોગો
- પક્ષઘાત
- માઈગ્રેન (આધાશીશી)
- અનિંદ્રા



**ડો. મહિપતસિંહ ડોડીયા**
એમ.ડી. (આયુ.)

જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦

: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### ‘બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાનના પરિણામે દીકરી જન્મદર ૮૯૦થી વધીને ૯૫૫ થયો

# દીકરીઓને વધુને વધુ શિક્ષિત કરવાના અવીરત પ્રયાસોના ફળસ્વરૂપે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં દીકરીઓના નામાંકન દરમાં ૩૩ ટકાનો વધારો નોંધાયો




(જી.એન.એસ)

ગાંધીનગર, તા. ૨૪

પંચાયતથી લઈને પાર્લામેન્ટ અને આંગણવાડીથી લઈને અવકાશ સુધીના દરેક ક્ષેત્રમાં મહિલાઓએ આજે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓમાં રહેલા સામર્થ્ય અને શક્તિને ખૂબ સારી રીતે ઓળખીને દેશમાં દીકરીઓનો જન્મદર વધારવા અને તેમને યોગ્ય શિક્ષણ આપી પગભર બનાવવાના ઉદ્દેશથી ‘બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાન શરૂ કર્યું છે, જેના પરિણામે દીકરી જન્મદરના પ્રમાણમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૯-૨૦ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દીકરી જન્મદર ૮૯૦ થી વધીને ૯૫૫ થયો હતો.

કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારના દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા કરવામાં આવેલા અનેક નવીન પહેલના પરિણામે રાજ્યમાં કન્યાઓના નામાંકન દરમાં વધારો તથા ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો થયો છે. સરકારના અવીરત પ્રયત્નો થકી છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં દીકરીઓના નામાંકન દરમાં ૩૩ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. કન્યાઓનો નામાંકન દર વર્ષ ૨૦૦૨-૦૩માં ૬૬.૮૩% હતો, જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૯.૮૧% થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં ગુજરાત સરકાર દીકરીઓના શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા કન્યાઓના શિક્ષણનું મહત્વને સમજી ‘ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વિમેન’ યોજના દ્વારા ડ્રોપ આઉટ કરેલી દીકરીઓના કાઉન્સેલીંગ કરી તેમને પડતી સમસ્યાઓ દૂર કરી તેમને ફરીથી શાળાએ આવવા માટે પ્રેરીત કરવામાં આવે છે.

દેશભરમાં દીકરીઓના મૃત્યુદર ઘટાડવા તથા તેમના શિક્ષણ, આરોગ્ય અને સમાનતા અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૦૮થી ૨૪ જાન્યુઆરીના દિવસને ‘રાષ્ટ્રીય બાલિકા દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા બાલિકાઓના અધિકારો, શિક્ષણ અને તેમને સમાજમાં વધુ મહત્વપૂર્ણ સ્થાન-પ્રોત્સાહન મળે તેવા હેતુથી આ દિવસ ઉજવાય છે. આ દિવસ માત્ર એક વાર્ષિક ઉજવણી નથી, પરંતુ આનો મુખ્ય હેતુ બાલિકાઓના સશક્તીકરણ અને તેમના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવવાના પ્રયાસોને આગળ વધારવાનો છે.

દીકરીઓ તથા તેમના પરિવારનું કાઉન્સેલીંગ કરીને તેમને ફરીથી શાળાએ જવા પ્રેરીત કરતી એક સફળતાની વાત કરીએ તો, મહેસાણા જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વિમેન યોજનાના જેન્ડર સ્પેશ્યાલિટ દ્વારા વિજાપુર તાલુકામાં વડાસણ ગામમાં શાળાએ ના જતી અમુક દીકરીઓ ધ્યાને આવી હતી. જે અનુસંધાને ગામનો સર્વે કરી અલગ-અલગ વિસ્તારની માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાં વધારે પ્રમાણમાં દીકરીઓના માતા-પિતાની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાથી તેમજ સમાજની ખોટી માન્યતાના કારણે દીકરીઓને શાળા છોડાવી હતી.

જેન્ડર સ્પેશ્યાલીસ્ટ દ્વારા અવાર નવાર બાળકો ઘરની ડોર ટુ ડોર મુલાકાત તેમજ તેમના માતા-પિતાને શિક્ષણનું મહત્વ સમજાવી તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

આ દીકરીઓને સરકારી શાળામાં પુનઃ પ્રવેશ કરવા પ્રેરિત કરવામાં આવ્યાં હતા.

રાજયમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે, દીકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ‘‘વ્હાલી દીકરી’’ યોજના અમલમાં મૂકી આ યોજના થકી દીકરીઓને જન્મથી ૧૮ વર્ષ સુધીમાં રૂ. ૪ હજાર થી ૧ લાખ સુધીની સહાય પણ આપવામાં આવે છે.

# ઉનાથી પીએસઆઈની પરીક્ષા આપવા આવેલા ઉમેદવારનું મિત્રના ઘરે હાર્ટએટેકથી મોત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

પીએસઆઈની પરીક્ષા આપવા આવેલા એક યુવાન પરીક્ષા પૂર્ણ થયા બાદ તેના મિત્રના ઘરે આવ્યો હતો અને જયાં તેનું હાર્ટએટેકથી મૃત્યું થયાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે મળતી વિગત અનુસાર ઉનાથી પીએસઆઈની પરીક્ષા આપવા જૂનાગઢ આવેલા યુવાનનું તેમના મધુરમ સ્થિત મિત્રના ઘરે હાર્ટ એટેક આવતા તેનું મૃત્યું થયું છે. આ કરૂણ બનાવથી મૃતકના પરિવારજનોમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઉનામાં રહેતા ૩૦ વર્ષિય યુવાન મૌલીક કિશોરભાઈ બારૈયા પીએસઆઈની પરીક્ષા દેવા માટે જૂનાગઢ આવ્યો હતો. તેમણે પીએસઆઈની ભરતીની પરીક્ષામાં દોડના ૧૧ રાઉન્ડ લગાવ્યા હતા જેમાં ૧ રાઉન્ડમાં તે નાપાસ થયો હતો. દરમ્યાન મૌલીકનો મિત્ર ધવલ રસીકભાઈ પંડ્યા જૂનાગઢના મધુરમ વિસ્તારમાં રહેતો હતો. જેથી મૌલીક તેના મિત્રને ત્યાં મધુરમમાં ગયો હતો. ત્યારે ગુરૂવારની સવારે તેને હાર્ટ એટેક આવ્યો હતો. આ હુમલો તેના માટે જીવલેણ સાબિત થયો હતો જેમાં મૌલીકનું મૃત્યું થયું હતું.આમ, ઉનાથી પીએસઆઈની ભરતીની પરીક્ષા આપવા આવેલા યુવાનનું મિત્રના ઘરે હાર્ટ એટેકથી મોત થતા મૃતકના પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઈ છે. આ બનાવ અંગે સી ડિવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

### સોમનાથ મંદિર માટે

# પ્રાણની આહુતિ આપનારા વીર હમીરજી પર ફિલ્મ બનશે



મુંબઈ, તા.૨૪

કરોડો સનાતનીઓ માટે આસ્થાના કેન્દ્ર સમાન સોમનાથ જ્યોતિર્લિંગને તોડવાના પ્રયાસ અસંખ્ય વખત થયાં છે. સોમનાથ મંદિરને લૂંટીને ધર્મનો નાશ કરવા આવેલા વિદેશી આક્રમણખોરોનો પ્રતિકાર કરવા લાખો ધર્મપ્રેમીઓએ વીરગતિ વ્હોરી હતી. ૧૪મી સદીમાં મોહમ્મદ તુઘલકની સેનાએ સોમનાથ મંદિરને લૂંટ્યું હતું અને તલવારની અણીએ હજારો લોકોને ધર્માંતરણ કરાવ્યું હતું. તુઘલકની અત્યાચારી સેનાને વીર હમીરજી ગોહિલ અને તેમની સેનાએ દાંત ખાટા કરી નાખે તેવો જવાબ આપ્યો હતો. આ યુદ્ધમાં વીરગતિ પામેલા વીર હમીરજી ગોહિલના જીવન આધારિત ફિલ્મ ‘કેસરી વીરઃ લીજન્ડ ઓફ સોમનાથ’ બનવાની છે.વીર હમીરજી ગોહિલના બલિદાનને ફિલ્મ સ્વરૂપે રજૂ કરવાના પ્રયાસ ઘણાં સમયથી ચાલી રહ્યા હતા.

### ૧૪મી સદીની ઘટના આધારિત ફિલ્મમાં સૂરજ પંચોલી, સુનિલ શેટ્ટી અને વિવેક ઓબોરોય નક્કી થયાં

તાજેતરમાં ફિલ્મના મેકર્સે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરી છે, જેમાં આ હિસ્ટોરિકલ ડ્રામામાં સોમનાથ મંદિરના રક્ષણ માટે પ્રાણોની આહુતિ આપનારા વીરોને અંજલિ આપવામાં આવશે. ૧૪મી સદીમાં તુઘલકની સેનાએ સોમનાથ મંદિરને ત્રણ બાજુથી ઘેરી લીધુ હતું. પરાજય નિશ્ચિત હોવા છતાં વીર હમીરજી ગોહિલ અને તેમની સેનાએ દુશ્મનોનો સામનો કર્યો હતો. તેમણે ૧૦ દિવસ સુધી આક્રમણકારીઓને રોકી રાખ્યા હતા. સોમનાથ મંદિરને બચાવવા વીરગતિ વ્હોરનારા વીર હમીરજીના યોગદાન વિષે ઈતિહાસના પુસ્તકોમાં ખાસ ચર્ચા થઈ નથી. આ ફિલ્મમાં સૂરજ પંચોલી વીર હમીરજી ગિલનો રોલ કરશે. તુઘલકના સેનાતિના રોલમાં વિવેક ઓબેરોય જોવા મળશે. હિન્દુઓને મુસ્લિમ બનાવવા અને ભવ્ય મંદિરોને લૂંટવા આવેલી તુઘલકની સેનાને અટકાવવાના પ્રયાસમાં સાથ આપનારા વીર સેનાપતિના રોલમાં સુનિલ શેટ્ટી જોવા મળશે. ફિલ્મના કેરેક્ટર માટે પોતી જાતને તૈયાર કરતાં સૂરજ પંચોલીએ તલવાર બાજી અને ઘોડેસવારીની તાલીમ લીધી છે. વીર હમીરજીના રોલને જીવંત બનાવવા સૂરજે નોન-વેજ છોડ્યું હોવું કહેવાય છે. ફિલ્મને મોટા બજેટથી બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. દિલધડક એક્શન સીન્સ માટે ભવ્ય સેટ્સ બનાવવામાં આવ્યા છે. ૧૪મી સદીના ભારતની ઝલક આપતાં દ્રશ્યોને આબેહૂબ રજૂ કરવાના પ્રયાસ પણ થયા છે. ‘કેસરી વીરઃ લીજન્ડ ઓફ સોમનાથ’નું ડાયરેકશન પ્રિન્સ ધીમાન કરી રહ્યા છે, જેઓ અગાઉ કોનેન અને ફોરએવર વ્હિમ જેવા પ્રોજેક્ટ્સ કરી ચૂક્યા છે. ગુજરાતી નિર્માતા કનુ ચૌહાણે ચૌહાણ સ્ટુડિયોઝના બેનર હેઠળ આ ફિલ્મને ફાઈનાન્સ કર્યુ છે.

આ ફિલ્મમાં સુનિલ શેટ્ટી, વિવેક ઓબેરોય અને સૂરજ પંચોલી પ્રથમ વખત સાથે કામ કરશે. જાણીતી એક્ટ્રેસ આકાંશા શર્મા પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મનું મોટા ભાગનું શૂટિંગ પૂરું થઈ ગયું હોવાનું કહેવાય છે. જો કે ફિલ્મના મેકર્સે પ્રથમ વખત જાહેરમાં વાત કરી છે અને ફિલ્મ એનાઉન્સ કરી છે.

# ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાંથી બે માનવ કંકાલ મળ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ભાણવડ નજીક આવેલા બરડા ડુંગર વિસ્તારમાંથી ગઈકાલે પોલીસને બે માનવ કંકાલ મળી આવ્યા છે. સંભવિત રીતે ગળાફાંસો ખાઈ લીધેલી હાલતમાં બે વ્યક્તિઓના લાંબા સમય પછી મળી આવેલા આ હાડપિંજર સંદર્ભે પોલીસ અધિકારીઓ તેમજ તેમની ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ

### ગળાફાંસો ખાઈ લીધેલી હાલતમાં મળેલા હાડપિંજર અંગે પોલીસ તપાસ

સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભાણવડ નજીક આવેલા બરડા ડુંગર વિસ્તાર સ્થિત કિલેશ્વર નેસ ખાતે માનવ હાડપિંજર પડ્યા હોવા અંગેની જાણ સ્થાનિકો દ્વારા પોલીસને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને સ્થાનિક પોલીસની ટીમ બરડા વિસ્તારના ગીચ જંગલમાં આ સ્થળે પહોંચી હતી. અંગેની પ્રાથમિક તપાસમાં ગીચ જંગલ વિસ્તારમાં કોઈ બે અજાણી વ્યક્તિએ લાંબા સમય પૂર્વે અગમ્ય કારણોસર આંબલીના ઝાડ સાથે સફેદ સૂતરની દોરી વડે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધાનું પ્રાથમિક રીતે જાહેર કરવામાં આવ્યુંછે. આ બનાવ સંદર્ભે અહીંના ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ તેમજ પી.આઈ. પ્રશાંત બ્રહ્મભટ્ટએ દોડી જઈ અને વિવિધ દિશાઓમાં તપાસ આરંભી હતી. ઉપરોક્ત માનવ કંકાલ સંદર્ભે આસપાસના વિસ્તારમાંથી કોઈ બે વ્યક્તિ ગુમ થઈ છે કે કેમ તે બાબતે પણ પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી છે. આટલુંજ નહીં, એફ.એસ.એલ. તપાસ તેમજ પેનલ પી.એમ. સહિતની પોલીસ કાર્યવાહી પણ કરવામાં આવી હતી. ત્યારે બે અજાણ્યા વ્યક્તિઓએ સજોડે કરી લીધેલા આ સંભવિત આપઘાત અને લાંબા સમય બાદ મૃતદેહના બદલે મળી આવેલા હાડપિંજર બાબતે સ્થાનિક વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. આ પ્રકરણમાં આગળની તપાસ ભાણવડના ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારૂ ચલાવી રહ્યા છે.

### દેશના ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી મંત્રી રાઘવજી પટેલના હસ્તે રાજકોટ ખાતે ધ્વજ વંદન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૪

ગુજરાત સરકારના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ તા.૨૫ અને તા. ૨૬ના રોજ રાજકોટ જિલ્લાના પ્રવાસે આવનાર છે. મંત્રી તા.૨૬ જાન્યુઆરીને રવિવારના રોજ દેશના ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી નિમિત્તે કોટડાસાંગાણીમાં અરડોઈ રોડ ઉપર ઠાકોરજી મુળવાજી વિનયન કોલેજ ખાતે ધ્વજવંદન કરશે.

### સોમનાથ અધ્યાપન મંદિર ખાતે યોજાશે રાષ્ટ્રીય ધ્વજવંદન

(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૨૪

સોમનાથ, પ્રભાસ-પાટણ સ.વ.પ્ર. અધ્યાપન મંદિર ખાતે પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરી રવિવારના રોજ તમામ શૈક્ષણિક, સામાજીક સંસ્થાઓના સંયુકત ઉપક્રમે સંસ્થાના એન.એસ. ચુડાસમાના હસ્તે રાષ્ટ્રીય ધ્વજવંદન યોજાશે. સવારે ૮ વાગ્યે યોજાનાર આ રાષ્ટ્રીય પર્વમાં બહોળી સંખ્યામાં લોકો ભાગ લેશે.

### ખંભાળિયાના રઘુવંશી અગ્રણીના નિવાસ્થાને આજે શ્રીનાથજી બાવાની ધ્વજાની મંગલ પધરામણી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયા રઘુવંશી જ્ઞાતિના અગ્રણી તેમજ લોહાણા મહાજનના ટ્રસ્ટી કમલેશભાઈ કાંતિલાલ વિઠલાણીના રાજકોટ સ્થિત નિવાસસ્થાને શુક્રવાર તારીખ ૨૪ મીના રોજ શ્રીનાથજી બાવાની ધ્વજાજીની મંગલ પધરામણી થશે. હાલ રાજકોટ નિવાસી અને ખંભાળિયાના અગ્રણી ઓઈલ મિલર તેમજ બિલ્ડર કમલેશભાઈ વિઠલાણીના સ્પર્શ બંગ્લોઝ, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવડ રોડ, રાજકોટ ખાતેના નિવાસ્થાને આજરોજ શુક્રવારે વૈષ્ણવોના પૂજનીય શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજી બાવાની ધ્વજાજીની પધરામણી થશે. આ પ્રસંગે સાંજે ૬:૩૦ વાગ્યે સામૈયું તેમજ ૭:૩૦ વાગ્યે દર્શન અને શયન આરતી બાદ રાત્રે ૭:૩૦ થી ૧૧ વાગ્યા સુધી સંગીત સંધ્યા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા છે. આ ધર્મોત્સવમાં સહભાગી થવા ગં.સ્વ. લીલાવંતીબેન કાંતિલાલ વિઠલાણી પરિવાર વતી કમલેશભાઈ વિઠલાણી દ્વારા સર્વે વૈષ્ણવોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવારે નેત્ર યજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયામાં જામનગર માર્ગ ઉપર આવેલી જાણીતી માનવ સેવા સમિતિ સંચાલિત એલ પી બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ સાથે સર્વરોગ નિદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દાતા શ્રી સુરેન્દ્રભાઈ તથા શ્રીમતી લલીતાબેન પટેલ (હ. અરવિંદભાઈ બદીયાણી - ટોરેન્ટો કેનેડા) તેમજ દાતાઓના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં રાજકોટની જાણીતી શ્રી રણછોડદાસજી બાપુ હોસ્પિટલના ડોકટરો અને ટેકનીશીયનો તેઓની સેવાઓ આપશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને આ સ્થળેથી રાજકોટ લઈ જઈને વિનામૂલ્યે નેત્રમણી સાથેનું ઓપરેશન કરી આપવામાં આવશે.

આ સાથે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં અહીંના નિષ્ણાંત ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસીને દવાઓ આપશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના દર્દીઓને સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયા હેન્ડ રાઈટિંગ કોમ્પિટિશનમાં ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓ અવ્વલ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ઓલ ઈન્ડિયા કલરિંગ એન્ડ હેન્ડરાઈટિંગ કોમ્પિટિશન નેશનલ લેવલની પરીક્ષાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયાના રામનગર વિસ્તારમાં આવેલી જાણીતી સેન્ટ ઝેવિયર્સ અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપી હતી. આ મહત્વની પરીક્ષામાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, બ્રોન્ઝ મેડલ અને પ્રમાણપત્રો હાંસલ કર્યા હતા. જેણે સંસ્થાના પ્રમુખ ફાધર બિનોય અને શાળાના ફાધર બેની જોસેફના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. આ સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ ફાધર બિનોયના હસ્તે મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

### ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ વિજેતાઓને સન્માનિત કરાયા

### ઉનાના અંજાર ગામ પાસે આવેલી મચ્છુન્દ્રી નદીમાંથી યુવાનની લાશ મળી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૪

ઉનાના અંજાર ગામ પાસે આવેલી મચ્છુન્દ્રી નદીમાં એક યુવાનની લાશ મળી આવી છે. પથ્થર મારી તેની કોઈએ હત્યા કરી હોવાની આશંકા સેવવામાં આવી રહી છે.

મૃતક યુવક અંજાર ગામનો રહેવાસી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. દરમ્યાન ઉના પોલીસ કાફલો તથા એલસીબી, એસઓજી સહિતની પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. મૃતક યુવાન અંજાર ગામનો હોવાનોનું અનુમાન છે.

મૃત્યું પામેલ યુવાન જીતુભાઈ બારોટ હોવાનું બહાર આવેલ છે. વિશેષમાં મૃતક યુવાન ઉનાની શિશુ ભારતી સ્કૂલ પાસે ચાની લારી ચલાવતો હોય તેવી પણ માહિતી મળી છે. આ બનાવ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### ખંભાળિયાના સિનિયર એડવોકેટની વેસ્ટર્ન રેલ્વેના પેનલ એડવોકેટ તરીકે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે પ્રેક્ટિસ કરતા યુવા એડવોકેટ તેમજ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના મેમ્બર જગદીશભાઈ એમ. સાગઠીયાની વેસ્ટર્ન રેલવેના પેનલ એડવોકેટ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જગદીશભાઈ સાગઠીયાની આ વરણીને શહેરના એડવોકેટ તેમજ શુભેચ્છકોએ આવકારી, અભિનંદન પાઠવ્યા છે.

# અગ્રણી કેળવણીકાર કનુભાઈ સોરઠીયાનો આવતીકાલે જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

ગુજરાતના શિક્ષણ જગતના અગ્રણી ભુતપૂર્વ જીલ્લા પંચાયત સભ્ય અને જૂનાગઢના સમીક્ષા દૈનિકના તંત્રી કનુભાઈ સોરઠીયા ૨૫ જાન્યુઆરીના રોજ ૭૮ વર્ષ પૂર્ણ કરી ૭૯માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. તેઓ આ ઉંમરે પણ પોતાના ફાર્મહાઉસમાં જાતે ઓર્ગેનિક ખેતી કરી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના ઓર્ગેનિક ખેતીના વિચારોમાંથી પ્રેરણા લઈ આંબા તથા ગાય આધારીત ખેતી કરી પોતે તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે અને પોતાના મિત્ર મંડળને પ્રેરણા આપી રહ્યા છે. તેઓના વિદ્યાર્થી શિષ્યો તથા શિક્ષણ જગતના આગેવાનો તેમને જન્મદિવસ પ્રસંગે અભિનંદન અને શુભેચ્છાઓ તેઓના મો.નં.૯૮૨૫૨ ૩૦૧૩૨ ઉપર આવતીકાલે પાઠવશે.

# વિસાવદરના માંડાવડ ગામે યુવતીએ ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૪

વિસાવદરના માંડાવડ ગામે રહેતી યુવતીએ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયા વિસાવદર પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે જીવણભાઈ વીરાભાઈ ભાષાએ જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી પાયલબેન(ઉ.વ.૨૧)વાળીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના રહેણાંક મકાને ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ગોપાલલાલ પ્રફુલકુમાર સોલંકી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ગોપાલલાલ પ્રફુલભાઈ સોલંકી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ગોપાલલાલ પ્રફુલભાઈ સોલંકી**

કિર્તી સોસાયટી બ્લોક નં.૮૧, મુરલીધર સોસાયટી-૨,

જોષીપરા, જૂનાગઢ - ૩૬૨૦૦૧

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભૂકંપના ઘાતક પ્રહાર સહન કરવા આપણે કેટલા તૈયાર ?

ચીનમાં તાજેતરમાં આવેલા ભૂકંપના કારણે ૬૦થી વધુ લોકોના મૃત્યુ થયા હોવાની દુઃખદ ઘટના સર્જાઇ હતી. આ ઘટનાથી ભૂકંપના મામલે મનુષ્યની લાચારી પણ જાણી શકાય છે. આ ભૂકંપ ફરી એકવાર સંવેદનશીલ મનાતા દેશો માટે ચેતવણીરુપ છે. ભૂકંપના જોખમ અને તેની સાથે જોડાયેલ તમામ તૈયારીઓને ફરીથી જોઈ-ચકાસી લેવી એ સમયની માંગ છે.

એ વાત નોંધનીય છે કે ભારતીય ભૂભાગનો ૫૯ ટકા વિસ્તાર ભૂંકપની દૃષ્ટિએ વધુ સંવેદનશીલ છે. ભૂગર્ભીય પ્લેટના કારણે જ ભૂકંપ આવે છે અને હિમાલય વિશેષ રીતે સંવેદનશીલ છે. વર્ષ ૧૯૭૫થી અત્યાર સુધી જોવામાં આવે તો, ૬ મેગ્નીટયૂડ કે તેનાથી વધુના આઠ ભૂકંપ આવી ચૂકયા છે. તેમાં કચ્છનો ભૂકંપ ૬.૯ની તીવ્રતાનો હતો. પાંચ દસકામાં જ આઠ મોટા ભૂકંપોના કારણે વિસ્તારના લોકોમાં ચિંતા વ્યાપી છે.

ભૂકંપ અંગેની સતાવતી ચિંતાઓમાં મુખ્યત્વે શું ભૂકંપ સવારના સમયે જ આવે છે?, શિયાળાની ઋતુમાં ભૂકંપની સંભાવના વધુ હોય છે? જો કે ભૂકંપનો કોઈ નકકી સમય કે ઋતુ હોતી નથી. પરંતુ એ વાત ધ્યાને આવી છે કે, ભૂજનો ભૂકંપ ૨૬ જાન્યુ.૨૦૦૧ના રોજ આવ્યો હતો. બિહાર-નેપાલમાં ૧૯૩૪ના વર્ષમાં ખતરનાક ભૂકંપ ૧૫ જાન્યુઆરીએ આવ્યો હતો. આમ તો સાવધાન રહેવું જોઈએ, ભૂકંપ ગમે તે સમયે આવી શકે છે. પરંતુ મોટો સવાલ એ છે કે ભૂકંપની નુકસાન કેટલું થશે?

ભૂકંપની નુકસાન અંગેનું એક અધ્યયન વર્ષ ૨૦૧૩માં બિહારમાં કરવામાં આવ્યું હતું. જેમાં એ જાણવાનો પ્રયાસ કરાયો હતો કે, વર્ષ ૧૯૩૪માં બિહાર-નેપાળમાં ૮.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, તેવી જ તીવ્રતા ધરાવતો ભૂકંપ ફરી આવે તો શું થાય ? અધ્યયનમાં જોવા મળ્યું હતું કે, જો રાત્રિના સમયે ભૂકંપ આવે તો કેટલું નુકસાન થાય અને દિવસે આવેલ ભૂકંપ કેટલો ઘાતક હોય? દસ કરોડથી વધુ વસતી ધરાવતા બિહારમાં કદાચ રાત્રિના સમયે ભૂકંપ આવે તો બે લાખથી વધુના મોત નીપજેનું અનુમાન છે. જયારે દિવસે ભૂકંપ આવે તો ૭૨ હજારની આસપાસ લોકોના મૃત્યુ થવાની સંભાવના અધ્યયનમાં વ્યકત કરવામાં આવી હતી.


હવે સવાલ એ છે કે, ભૂકંપ સામે બચાવ કેવી રીતે કરી શકાય? વાસ્તવમાં આજના સમયમાં રહેણાંકના ઘરો અને ભવનોને ભૂકંપપ્રુફ એટલે કે ભૂકંપની તીવ્રતા સહન કરી શકે તે લાયક બનાવવાની જરુર છે. પર્યાપ્ત વૈજ્ઞાનિક અધ્યયન થયા છે. ભૂકંપ પ્રતિરોધક બાંધકામના માપદંડ બન્યા છે પરંતુ તેનું પાલન કેટલા અંશે થઈ રહયું છે? આ બાબતે માત્ર સરકારોએ જ નહિં પરંતુ સામાન્ય વ્યકિતએ પણ વિચારવું જોઈએ.

બીજી મહત્વની વાત એ પણ છે કે શું આપણે ભૂકંપ આવે તે પૂર્વ ચેતવણી મળી શકે તેવું તંત્ર બનાવી શકીએ? ભૂકંપથી ઉત્પન્ન થતી ઉર્જા જુદી જુદી લહેરો કે પવન મારફતે જુદા જુદા સ્થળોએ પહોંચે છે. મુખ્ય લહેરને પ્રાથમિક અને દ્વિતિય લહેરને સેકન્ડરી લહેરના નામથી ઓળખવામાં આવે છે. આ લહેરોના સમયમાં અંતર હોય છે. જેથી આ અંતરને ધ્યાનમાં રાખીને ચેતવણી જાહેર કરી શકાય છે.

જયારે કોઈ ભૂકંપ આવે છે તો પ્રાથમિક લહેર ખૂબ જલ્દીથી આવે છે, તેની ગતિ વધુ હોય છે. પરંતુ સેકન્ડરી લહેર થોડા સમય બાદ આવે છે. તેની ઝડપ પણ ઓછી હોય છે. પ્રાથમિક લહેર જયારે આવે ત્યારે એક ધકકો લાગ્યાનો અનુભવ થાય છે. આ સ્થિતિમાં જો ઘર સહિતના બાંધકામ મજબૂત ન હોય તો ધરાશાયી થઈ શકે છે. જો ભૂકંપની પ્રથમ લહેર આવતા જ લોકોને સૂચિત કરી દેવામાં આવે, તો જાન-માલના નુકસાનથી બચાવી શકાય છે.

મહત્વપૂર્ણ છે કે, તમે ભૂકંપના કેન્દ્રથી ભલે ગમે તેટલા દૂર હો પરંતુ તે અંતર મુજબ તમારા સુધી ભૂકંપની ચેતવણી પહોંચવી જોઈએ. પ્રાથમિક વેવ બાદ થોડી સેકં કે મિનિટમાં સેકન્ડ વેવ આવતી હોય છે. આ સ્થિતિમાં અગાઉથી ચેતવણી મળવાના કારણે વ્યકિત પોતાનો બચાવ કરી શકે છે. ભૂકંપની પ્રાથમિક વેવ આવતા મેટ્રો પરિવહનને તત્કાળ રોકી શકાય છે. અન્ય જોખમભરી સેવાઓને અટકાવી શકાય છે. આ પ્રકારના ચેતવણી તંત્રનો ઉપયોગ મેકિસકો, કૈલિફોર્નિયા વગેરે દેશોમાં કરવામાં આવે છે. ચેતવણી મળતા જ લોકો સત્વરે પોતાના ઘર, ઓફિસ સહિતના સ્થળોએથી બહાર દોડી જાય છે. ભારતમાં આ પ્રકારના ચેતવણી તંત્ર ઉભા કરવાનો સમય પાકી ગયો છે. જેથી હિમાચલ કે બિહાર સહિતના કોઈ સ્થળે ભૂકંપ આવે તો ઓછામાં ઓછી ત્રીસથી ચાલીસ સેકન્ડનો સમય બચાવ માટે મળી શકે છે. જેમાં ઉદા. તરીકે ચીનમાં તાજેતરમાં જે ભૂકંપ આવ્યો હતો તેની બિહારમાં વધુ તીવ્રતા અનુભવાઈ હતી. જો ચીન પોતાને ત્યાં ચેતવણી તંત્રને સાબદું કરે અને તત્કાળ ભારતને સચેત કરે તો ભૂકંપ સામેના બચાવમાં મદદ મળી શકે છે.

# GCCI ના એન.આર.જી ટાસ્ક ફોર્સ દ્વારા "એન.આર.આઈ માટે મેરેજ અવેરનેસ સેમિનાર"નું થયેલ આયોજન



(મહમદ રફીક શેખ દ્વારા)

અમદાવાદ તા. ૨૪

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) ના એન.આર.જી ટાસ્ક ફોર્સ દ્વારા તારીખ ૨૨ મી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, એલ જે યુનિવર્સિટી, અમદાવાદ ખાતે "NRI મેરેજ અવેરનેસ સેમિનાર"નું આયોજન થયું હતું. પ્રસ્તુત સેમિનારમાં એનઆરઆઈ સાથે લગ્ન સંબંધ બાબતે વિવિધ કાનૂની જોગવાઈઓ તેમજ સાયબર અને સામાજિક પડકારો અંગે માહિતી પુરી પાડવા વિવિધ વક્તાઓએ પ્રસ્તુત વિષયો પર સુંદર માહિતી પુરી પાડી હતી તેમજ વિવિધ પડકારોને પહોંચી વળવા બાબતે નિવારક પગલાં વિશે વાત કરી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં GCCI એનઆરજી ટાસ્ક ફોર્સ ના ચેરમેન શ્રી હિમાંશુ વ્યાસે પ્રાસંગિક સંબોધન કર્યું હતું તેમજ ઉપસ્થિત સન્માનનીય મહેમાનોનો પરિચય આપ્યો હતો. તેઓએ પોતાના વક્તવ્યમાં GCC ના દ્રઈ૨ ટાસ્કફોર્સની ભૂમિકા અને મિશન અંગે માહિતી પૂરી પાડી હતી તેમજ વૈશ્વિક ગુજરાતી ડાયસ્પોરા દ્વારા સામનો કરવાની એન.આર.જી ટાસ્કફોર્સની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે બિન-નિવાસી ગુજરાતીઓ અને તેમના વતન વચ્ચેના જોડાણને મજબૂત કરવાના ઉદ્દેશ સાથે કાનૂની, સામાજિક અને આર્થિક બાબતોમાં તેમને ટેકો આપવાના હેતુથી ટાસ્કફોર્સની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ પહેલો પર પણ પ્રકાશ પાડ્યો હતો. શ્રી હિમાંશુ વ્યાસે દ્રઈં લગ્નોની આસપાસની જટિલતાઓને સંબોધવાના મહત્વ પર ભાર મૂક્યો હતો તેમજ આશા વ્યક્ત કરી હતી કે પ્રસ્તુત અવેરનેસ સેમિનાર આ અંગે યોગ્ય માહિતી તેમજ ઉકેલો પુરા પાડશે.

એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર શ્રી રમેશભાઈ રાવલે તેમના સંબોધન માં એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર નો પરિચય આપ્યો તથા તેમને ફાઉન્ડેશન અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે, ગુજરાત કાર્ડ, ગુજરાત પરિભ્રમણ યોજના, વતન યોજના, વિદેશમાં વસતા ગુજરાતીઓને આપત્તિઓના સમયે અલગ અલગ રીતે મદદ તેવી વિવિધ પ્રવૃતિઓ વિષે જણાવ્યું હતું.

સેમિનારમાં વિવિધ વકતાઓએ સુંદર માહિતી પુરી પાડી હતી.

શ્રી રાજેશ પોરવાલ, પોલીસ ઈન્સ્પેક્ટર, સાયબર ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ, એમણે સાયબર છેતરપિંડીના વધતા જતા જોખમ પર ભાર મૂક્યો હતો. તેમણે આ વધતી જતી સમસ્યાનો સામનો કરવા માટે જાહેર જાગૃતિ અને પ્રોએક્ટિવ પગલાંની નિર્ણાયક જરૂરિયાતની ચર્ચા કરી હતી, જેમાં વિવિધ પ્રકારની સાયબર છેતરપિંડી અને નિવારણની વ્યૂહરચનાઓ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી અભિજિત ગથરાજ, સ્થાપક અને મુખ્ય એટર્ની, ગથરાજ એન્ડ કો., એનઆરઆઈ લગ્નોનું ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ રજૂ કર્યું હતું. તેમની રજૂઆત એવા લગ્નોમાં વ્યક્તિઓના કાનૂની અધિકારો પર કેન્દ્રિત હતી, જેમાં સામાન્ય વિવાદોને સંબોધિત કરવામાં આવ્યા હતા અને વ્યકિતના અધિકારોને અસરકારક રીતે કેવી રીતે સુરક્ષિત કરવા તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શ્રીમતી શિવાંગી મુકુંદરાય ભટ્ટ, સાયબર ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદની મહિલા લોકરક્ષક, તેમણે સર્વેને અસર કરતા સાયબર મુદ્દાઓ પર તેમના દ્રષ્ટિકોણ રજુ કર્યા હતા. તેમણે ડિજિટલ સાયબર ફ્રોડમાં સર્વેને સામનો કરવો પડતો હોય તથા પડકારો પર ભાર મુક્યો હતો અને આ સમસ્યાઓનો સામનો કરવા માટે અનુરૂપ અભિગમોના મહત્વ પર ભાર મૂલ્યે હતો.

સેમિનારનો સમાપન શ્રીચિંતન પ્રજાપતિ, એનઆરજી ફાઉન્ડેશન-ગાંધીનગર દ્વારા આભારવિધિ સાથે થયો હતો, જેમાં તમામ વક્તાઓના યોગદાન અને આ વિષયો પર સતત સંવાદની મહત્વને ઓળખવામાં આવ્યું હતું.

# બેકારી, મોંઘવારીથી સામાન્ય લોકોનું જીવન દુષ્કર બન્યું છે: કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૨૪

દેશમાં મોંઘવારીથી રાહત આપે તેવા બજેટની જરૂર હોવાની માગણી કરીને કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારની ખોટી નીતિઓને કારણે સતત વધતી જતી બેરોજગારી અને મોંઘવારીએ નીચલા અને મધ્યમ વર્ગના પરિવારો માટે જીવન અત્યંત મુશ્કેલ બનાવી દીધું છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે X પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યો હતો, જેમાં દાવો કરાયો હતો કે છેલ્લા 10 વર્ષમાં કમરતોડ મોંઘવારીથી સામાન્ય લોકોના ખિસ્સા ખાલી થઈ ગયા છે. તેમણે જણાવ્યું હતું કે મોદાણી સરકારે છેલ્લા દસ વર્ષમાં માત્ર તેના ધનિક મિત્રોની જ કાળજી લીધી છે. સરકારની ખોટી નીતિઓને કારણે સતત વધતી જતી બેરોજગારી અને મોંઘવારીએ નીચલા અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવન દુષ્કર બન્યું છે. દૂધ, લોટ, કઠોળ, પેટ્રોલ, ડીઝલ અને શાકભાજીના ભાવ આસમાનને આંબી રહ્યાં છે. દરેક ઘર પર EMI અને દૈનિક જરૂરિયાતોનો બોજ વધી રહ્યો છે. દેશને હવે એવા બજેટની જરૂર છે જે ફુગાવામાં રાહત આપે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે પણ મોદી સરકાર પર તેની આર્થિક નીતિઓ પર પ્રહારો કર્યા હતા અને ભારપૂર્વક જણાવ્યું હતું કે વાસ્તવિક વિકાસ ત્યારે થાય છે જ્યારે દરેક વ્યક્તિ પ્રગતિ કરે છે, બિઝનેસ માટે યોગ્ય વાતાવરણ હોય છે, ન્યાયી કર પ્રણાલી હોય છે અને કામદારોની આવક વધે છે. રાહુલ ગાંધીએ રવિવારે 'વ્હાઈટ ટી-શર્ટ મુવમેન્ટ' શરૂ કરવાની જાહેરાત કરી હતી.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વિકાસ મોડેલને લઈને પીએમ મોદી અને આપ સંયોજક અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, "દિલ્હીને હવે પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતનું વાસ્તવિક વિકાસ મોડેલ જોઈએ, નહીં કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આપ સંયોજક અરવિંદ કેજરીવાલનો ખોટો પ્રચાર અનેપીઆર મોડેલ." રાહુલ ગાંધીએ ફેસબુક પર એક વીડિયો શેયર કર્યો, જેમાં મોંઘવારી, બેરોજગારી, પ્રદૂષણ અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓને ટાંક્યા છે. તેમણે ફેસબુક પર એક પોસ્ટ કરીને કહ્યું કે, ખરાબ નિર્માણ, ગંદગી, મોંઘવારી, બેરોજગારી, પ્રદૂષણ અને ભ્રષ્ટાચાર - દિલ્હીની હકીકત લોકોની સામે છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ખરાબ તબિયતને પગલે બુધવારે દિલ્હીમાં ચૂંટણી સભા યોજી શક્યા ન હતા. તેમણે વીડિયો મેસેજથી લોકોને કોંગ્રેસને વોટ આપવા અપીલ કરી હતી.

### આ ચુકાદા સાથે જ રાજ્ય સરકારની મોટી જીત થઈ

# ભાષાકીય-ધાર્મિક લઘુમતી શાળાઓની રિટ ફગાવાઈ

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદાના સુધારાને પડકારતી રિટમાં ચુકાદો

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૨૦૨૧ અન્વયે ભાષાકીય અને ધાર્મિક લઘુમતી શાળાઓમાં શિક્ષક અને આચાર્યની ભરતી માટે કેન્દ્રિય પ્રક્રિયા અપનાવવા માટે કરાયેલા સુધારાને પડકારતી રિટ પિટિશન હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે ગુરુવારે ખુલ્લી અદાલતમાં ચુકાદો જાહેર કરતાં કહ્યું હતું કે, 'આ મામલે કરવામાં આવેલી તમામ રિટ પિટિશનો રદબાતલ કરવામાં આવે છે.' આ ચુકાદા સાથે જ રાજ્ય સરકારની મોટી જીત થઈ છે. આ કેસમાં સુનાવણી દરમિયાન અરજદારોએ દલીલ કરી હતી કે તેઓ સુધારાને પડકારી રહ્યા છે કારણ કે તે બંધારણની કલમ ૩૦ હેઠળના તેમના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. જે લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલનના અધિકારથી સંબંધિત છે. રાજ્ય શિક્ષકો માટે લાયકાત નિર્ધારિત કરતા નિયમો બનાવી શકે છે પરંતુ જ્યાં સુધી ભરતીનો સંબંધ છે તે મામલે 'લઘુમતી સંસ્થાનો સંપૂર્ણ અધિકાર' છે. અલબત્ત ભરતી પામનારા ઉમેદવારો યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિઓ હોવા જોઈએ.' કાયદામાં સુધારા પછી રાજ્ય સરકાર દ્વારા લઘુમતી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની પસંદગીને લગતા કેટલાક નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ નિયમોને પણ અરજદારોએ રિટ પિટિશનમાં પડકાર્યા હતા.બીજી તરફ રાજ્ય સરકારે દલીલ કરી હતી કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદામાં થયેલા સુધારાઓ લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓના પોતાને સંચાલિત કરવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરતા નથી, પરંતુ સરકારનો આ સુધારા થકી 'મેરિટ આધારિત પસંદગી માટે ન્યાયી અને પારદર્શક પ્રક્રિયા' સુનિશ્ચિત કરવાનો હેતુ છે. આ તમામ શાળાઓને સેલેરી અને મેઈન્ટેનન્સ ગ્રાન્ટ આપવામાં આવે છે. કાયદા હેઠળના નિયમો મેનેજમેન્ટ કમિટીની રચનાના અધિકાર સાથે ચેડાં કરતા નથી અને કલમ ૩૦ હેઠળ લઘુમતીઓનો શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો મૂળભૂત અધિકાર સંપૂર્ણ નથી, પરંતુ વાજબી નિયમોને આધીન જ એ થઈ શકે છે.'રાજ્ય વિધાનસભાએ માર્ચ ૨૦૨૧માં આ કાયદો પસાર કર્યો હતો જે તે જ વર્ષે જૂનમાં અમલી બન્યો હતો. કાયદામાં થયેલા સુધારાની કલમ ૧૭(૨૬), કલમ ૩૪ અને કલમ ૩૫ની કેટલીક જોગવાઈઓ લઘુમતી સંસ્થાઓને પણ લાગુ પડે છે. આ કાયદાની કલમ ૩૪ ભરતી અને સેવાની શરતો દર્શાવે છે. જેમાં રજિસ્ટર્ડ ખાનગી માધ્યમિક શાળાઓમાં અથવા નોંધાયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક કરાયેલા શિક્ષક કર્મચારીઓનો સમાવેશ થાય છે.

# પ્રયાગરાજ ખાતે ચાલી રહેલ મહાકુંભની યાત્રાએ જતા જૂનાગઢ ભારતી આશ્રમના લઘુમંત શ્રી મહાદેવ ભારતી બાપુના રથને પ્રસ્થાન કરાવતું જૂનાગઢનું ગિરનારી ગ્રુપ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુકત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જૂનાગઢના ભારતી આશ્રમના લઘુ મહંત શ્રી મહાદેવ ભારતી બાપુ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલ મહાકુંભ મેળામાં ભાગ લેવા જઈ રહ્યા છે. ત્યારે એમને જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા પૂ. બાપુને હારતોરા કરી તમામ સેવક ગણોનું યાત્રા દરમ્યાન સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને નિર્વિઘ્ન શુભ યાત્રા પૂર્ણ થાય એવી શુભેચ્છાઓ પાઠવી ગિરનારી મહારાજનો જયકારા કરી પ્રાર્થના કરી તેમના રથને પ્રસ્થાન કરાવવામાં આવેલ હતું. આ તકે સમીરભાઈ દવે, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, અલ્પેશભાઈ મહેતા, કેતનભાઈ રૂપાપરા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# કચ્છમાં માતાના મઢ ધામમાં ૩૨.૭૧ કરોડના ખર્ચે વિકાસના કામો શરૂ



ભૂજ,તા.૨૪

કચ્છના તીર્થધામ દેશદેવી મા આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢમાં વિકાસની નવી કેડી કંડારાઈ રહી છે. રૂ.૩૨.૭૧ કરોડના ખર્ચે આ તીર્થધામનો વિકાસ કરાઈ રહ્યો છે. જેમાં રૂપરાઈ તળાવનું નવીનીકરણ પૂર્ણતાના આરે પહોંચ્યું છે.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૧ના બજેટમાં ફાળવવામાં આવેલી આ રકમમાંથી પ્રવાસન અને યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આશાપુરા માતાજીનું મંદિર, રૂપરાઈ તળાવ, ચાચરા કુંડ અને ખટલા ભવાની મંદિર સહિતના સ્થળોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. રૂપરાઈ તળાવની કાયાપલટ કરવામાં આવી છે, જેમાં પાકા બાંધકામ સાથે ગોળાકાર સ્વરૂપ આપવામાં આવ્યું છે.

આ તળાવની ફરતે આધુનિક લાઈટિંગ સિસ્ટમ, આરામદાયક બેન્ચીસ અને બાળકો માટે રમત-ગમતના સાધનો મૂકવામાં આવ્યાં છે. તળાવની ફરતે પ્રદક્ષિણા અને વોકિંગ માટેનો માર્ગ બનાવવામાં આવ્યો છે, જ્યાં વિવિધ સ્થળોએ છાયડા માટે છાવણીઓ પણ ઊભી કરવામાં આવી છે. તળાવના ઓગન પાસે વિવિધ યોગાસનની મુદ્રાઓમાં પ્રતિમાઓ મૂકવામાં આવી છે, જે આકર્ષણનું કેન્દ્ર બની છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની ચૂંટણી દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માં આશાપુરાજીના દર્શન કર્યા હતા અને યાત્રાધામના વિકાસની નેમ વ્યકત કરી હતી. હાલમાં આ સ્થળે ચાલી રહેલા વિકાસ કાર્યોથી યાત્રાળુઓને વધુ સારી સુવિધાઓ મળશે અને સ્થળની આધ્યાત્મિક મહત્તા વધુ ઉજાગર થશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અધિક ધનિષ્ઠા એ ધૃણાની જન્મદાત્રી છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૧૦, તા.૨૪ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨૩, અનુરાધા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૩૨

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ:જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન:પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ: લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા: પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક:જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.
ધન: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.
મીન: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# અકસ્માત સમયે માનવતા દર્શાવનારને અપાતો પ્રોત્સાહન પુરસ્કારમાં પાંચ ગણો વધારો કરાયો

## હવે અકસ્માતનો ભોગ બનેલ વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવા બદલ પ્રોત્સાહન પુરસ્કાર સ્વરૂપના ઈનામની રકમ ૨૫,૦૦૦ રૂપિયા કરાશે



નવી દિલ્હી, તા.૨૪

માર્ગ અકસ્માતોના વધતા જતા કિસ્સાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે, સરકાર માર્ગ અકસ્માતના ભોગ બનેલા લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જનારાઓને આપવામાં આવતા પ્રોત્સાહન પુરસ્કાર સ્વરૂપના ઈનામની રકમમાં વધારો કરશે. હવે અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિને સમયસર હોસ્પિટલ પહોંચાડવા બદલ પ્રોત્સાહન પુરસ્કાર સ્વરૂપના ઈનામની રકમ વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. માર્ગ સલામતી સંબંધિત એક મહત્વપૂર્ણ મુદ્દા ઉપર અભિનેતા અનુપમ ખેર સાથે વાત કરતી વખતે, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, તેમણે તેમના માર્ગ પરિવહન મંત્રાલયને પુરસ્કારની રકમ વધારવા સૂચના આપી છે. તેમણે કહ્યું કે આ રકમ એવી વ્યક્તિને આપવા માટે ખૂબ જ ઓછી છે જે કોઈનો જીવ બચાવવા જેવું મોટું અને મૂલ્યવાન કાર્ય કરે છે. ગડકરીએ કહ્યું કે જો માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને એક કલાકની અંદર હોસ્પિટલ અથવા ટ્રોમા કેર સેન્ટરમાં લઈ જવામાં આવે તો તે કોઈના જીવન બચાવવામાં ખૂબ જ મહત્વપૂર્ણ બની શકે છે. માર્ગ અકસ્માતના ભોગ બનેલા લોકોને મદદ કરતા લોકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી સરકારે ઓક્ટોબર ૨૦૨૧ થી તેની શરૂઆત કરી હતી. આ હેતુ માટે એક પુરસ્કાર આપવાની શરૂઆત કરવામાં આવી હતી. મંત્રાલયે એક સારા સમરિટનને એવી વ્યક્તિ તરીકે વર્ણવ્યું છે જે સારા ઈરાદાથી અને કોઈપણ ઈનામના લોભ વિના લોકોને મદદ કરે છે. ઉપરાંત, વ્યક્તિ અકસ્માત, તબીબી કટોકટી અથવા કટોકટીની સ્થિતિમાં ઘાયલ વ્યક્તિને તાત્કાલિક સહાય પૂરી પાડે છે, અકસ્માત પીડિત પ્રત્યે કોઈ કાળજી અથવા ખાસ સંબંધની ફરજ વિના, તેના પોતાના સ્વૈચ્છિક પ્રયાસથી તાત્કાલિક સહાય પૂરી પાડે છે. અકસ્માત, તબીબી કટોકટી અથવા કટોકટીની સ્થિતિમાં ઘાયલ વ્યક્તિ. પુરસ્કારો આપવા ઉપરાંત, આ યોજના માન્યતા પ્રમાણપત્ર પણ આપે છે. આ દ્વારા, ખાતરી કરવાનો પ્રયાસ કરવામાં આવે છે કે તે ફક્ત વાસ્તવિક વ્યક્તિને જ આપવામાં આવે. આ એવોર્ડ મેળવવા માટે ચકાસણી અને સમર્થનના અનેક સ્તરોમાંથી પસાર થવું પડે છે. વધુમાં, નિયમોમાં એવી જોગવાઈ છે કે જે લોકો જીવલેણ અકસ્માતનો ભોગ બનેલા લોકોની મદદ માટે આવે છે તેઓ આ પ્રોત્સાહનો મેળવવા માટે પાત્ર છે. હાલમાં, જાહેર ક્ષેત્રમાં કોઈ ડેટા ઉપલબ્ધ નથી કે કેટલા ગુડ સમરિટન લોકોએ જીવન બચાવવામાં મદદ કરી છે અને કેટલાને અત્યાર સુધીમાં પુરસ્કાર આપવામાં આવ્યો છે.

# ૮૧% ભારતીયો સંપત્તિના વધતાં તફાવત અંગે ચિંતિત છે : અહેવાલ

નવી દિલ્હી, તા.૨૪

પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે મોટાભાગના ભારતીયો માને છે કે અમીર અને ગરીબ વચ્ચેનું અંતર ખૂબ જ વિશાળ છે. લગભગ ૮૧% ઉત્તરદાતાઓએ આ આર્થિક અસમાનતા વિશે ચિંતા વ્યક્ત કરી હતી, જેમાં ૬૪% લોકોએ તેને ખૂબ મોટી સમસ્યા ગણાવી છે. પ્યુ રિસર્ચ સેન્ટરે તેનો અહેવાલ 'આર્થિક અસમાનતા વિશ્વભરમાં મુખ્ય પડકાર તરીકે જોવામાં આવે છે' એ પ્રકાશિત કર્યો છે, જે એશિયા-પેસિફિક ક્ષેત્ર, યુરોપ, લેટિન અમેરિકા, મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકા, ઉત્તર અમેરિકા અને સબ-સહારન આફ્રિકાને આવરી લેતા સર્વેક્ષણ ઉપર આધારિત છે. ભારતમાં ૮૧% લોકોએ ભાર મૂક્યો કે દેશમાં અમીર અને ગરીબ વચ્ચેનો તફાવત એક સમસ્યા છે, ત્યારે સર્વે કરાયેલા ૩૯% લોકોએ ભાર મૂક્યો કે આર્થિક વ્યવસ્થામાં સંપૂર્ણ સુધારાની જરૂર છે અને ૩૪% લોકોએ સૂચવ્યું કે મોટા ફેરફારો જરૂરી છે. આ અસમાનતાના કારણ તરીકે વિશ્વભરમાં સર્વે કરાયેલા મોટાભાગના લોકોએ સંપત્તિ અને રાજકારણના આંતરછેદ તરફ ધ્યાન દોર્યું હતું.

# AAP પક્ષ બાંગ્લાદેશી ઘૂસણખોરોને સમર્થન આપી રહ્યું છે : ભાજપનો આરોપ

નવી દિલ્હી તા.૨૪

ભાજપે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટી (AAP) ઉપર આકરા પ્રહારો કર્યા અને દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા બાંગ્લાદેશી ઘૂસણખોરો માટે નકલી મતદાર કાર્ડ બનાવીને તેમને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો છે. એક પત્રકાર પરિષદમાં ભાજપના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આરોપ લગાવ્યો કે AAPના બે ધારાસભ્યો, મોહિન્દર ગોયલ અને જય ભગવાન ઉપકાર એ બંને બાંગ્લાદેશી ઘૂસણખોરો માટે નકલી આધાર કાર્ડ બનાવવાના કાવતરામાં સામેલ હતા. ઈરાનીએ કહ્યું કે, આમ આદમી પાર્ટીના નેતાઓ રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત આવા મુદ્દાઓ ઉપર કેમ ચૂપ છે ? તે ઘૂસણખોરો કોણ છે જે નકલી મતદાર કાર્ડ બનાવીને આપણા દેશના લોકશાહી માળખાને નબળું પાડવા માંગે છે ? આમ આદમી પાર્ટીના ધારાસભ્યો તપાસ એજન્સીઓ સાથે કેમ સંકલન નથી કરી રહ્યા ? આમ આદમી પાર્ટી બાંગ્લાદેશી ઘૂસણખોરોના સમર્થનમાં ઊભી છે. આપના બે ધારાસભ્યો મોહિન્દર ગોયલ અને જય ભગવાન ઉપકાર બાંગ્લાદેશી ઘૂસણખોરો માટે નકલી આધાર કાર્ડ બનાવવાના કાવતરામાં સામેલ છે. દિલ્હી પોલીસે નકલી આધાર કાર્ડ બનાવવાના કેસમાં AAPના ધારાસભ્ય અને સ્ટાફ સભ્યોને બે નોટિસ મોકલી છે. તેમાંથી કોઈ પણ દિલ્હીપોલીસ સમક્ષ હાજર થયું નથી. ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ ઉપર કાર્યવાહી દરમ્યાન નકલી દસ્તાવેજો મળી આવ્યા હોવાના સંદર્ભમાં તાજેતરમાં AAP ધારાસભ્ય મોહિન્દર ગોયલ અને તેમના સ્ટાફને પોલીસે નોટિસ ફટકાર્યા બાદ સ્મૃતિ ઈરાનીએ આ આરોપો કર્યા છે. દિલ્હી પોલીસે ગોયલને બીજી નોટિસ ફટકારી હતી. જો કે, ગોયલે દિલ્હી પોલીસને જાણ કરી હતી કે તેઓ ૧૦ દિવસ પછી પૂછપરછ માટે હાજર થશે. દિલ્હી પોલીસે તાજેતરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ એક સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો અને ઘણા બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. આ કાર્યવાહી દરમ્યાન ગોયલની સહી અને સીલ ધરાવતા બનાવટી દસ્તાવેજો મળી આવ્યા હતા. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના નિર્દેશને પગલે દિલ્હી પોલીસે શહેરમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવા અને તેમને દેશનિકાલ કરવાના હેતુથી બે મહિનાની ચકાસણી ઝુંબેશ શરૂ કરી છે. અત્યાર સુધીમાં, ૩૦થી વધુ ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવામાં આવી છે અને દિલ્હીથી દેશનિકાલ કરવામાં આવ્યા છે. વધુમાં, દિલ્હી પોલીસે બનાવટી કાગળોનો ઉપયોગ કરીને આધાર કાર્ડ અને સરકાર દ્વારા જારી કરાયેલા અન્ય ઓળખ દસ્તાવેજો બનાવવામાં સામેલ એક ગેંગનો પણ પર્દાફાશ કર્યો છે.

# રાજય સરકારે રોડ સેફ્ટીની કામગીરી માટે રૂા.૧૮૮ કરોડની ફાળવણી કરી



ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગ સલામતી રોડ સેફ્ટી માટે જનહિતકારી નિર્ણય કર્યો છે. તેમણે રાજ્યના માર્ગો ઉપરની રોડ સેફ્ટી સંલગ્ન વિવિધ કામગીરી માટે માર્ગ મકાન વિભાગને રૂા.૧૮૮ કરોડના કામો હાથ ધરવા મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ માર્ગો ઉપર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહન ચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો જનહિત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે રૂા.૧૦૦.૫૩ કરોડ મંજૂર કર્યા છે. તદનુસાર, વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઈડનિંગ, તથા રોડ ફર્નિચર વગેરે કામગીરીના કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઈના માર્ગો ઉપર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ ઉપર એન્ટીગ્લેર સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો ઉપર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણયને પરિણામે રાજયમાં માર્ગ અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે તેમજ યાતાયાત વધુ સુરક્ષિત બનશે.


# જનરેશન Z અને Y એટલે શું ? નોકરીના સ્થળે તેઓની કામ કરવાની પદ્ધતિ, માનસિકતા વિશે જાણો લેટેસ્ટ સર્વે શું કહે છે ?

**એક સર્વે હતાશાજનક પરિણામ જણાવે છે કે જેન ઝી સાથે કામ પાર પાડવું ખૂબ જ અઘરૂં છે. જ્યારે પ્રતિષ્ઠિત સંસ્થા ડેલોઈટ દ્વારા કહેવામાં આવ્યું છે કે, જેન ઝી અને જેન વાય હાલમાં નોકરી દરમિયાન પોતાના સિદ્ધાંતોને સર્વોપરી માને છે. તેઓ પર્યાવરણ પ્રત્યે ખૂબ જ સભાન છે. એટલું જ નહિ નોકરી અને જીવન શૈલી વચ્ચે તાલમેલ સધાય તેવી જ નોકરી કરવામાં પ્રાધાન્ય આપે છે. જાણો નવી પેઢીની માનસિકતા વિશેના આ સર્વેક્ષણો શું કહેવા માગે છે. તો મિત્રો નવી પેઢીની સાથે કામ કરવામાં આવે એટલા માટે જ જાણીતી સંસ્થાઓ દ્વારા સર્વે કરવામાં આવે છે કે જેના કારણે બે પેઢીઓ વચ્ચે અંતર ઘટાડીને સમાજ અને રોજગારની તકોનો ઉત્તમ વિકાસ કરી શકાય.**

૧૯૯૭ અને ૨૦૧૨ની વચ્ચે કે તેની આસપાસ જન્મેલી આજની યુવા પેઢીને જનરેશન Z (Gen-Z) તરીકે ઓળખવામાં આવે છે. તે પહેલાની પેઢી એટલે કે ૧૯૮૧થી ૧૯૯૫ વચ્ચે જન્મ થયો હોય તેવાને મિલેનીયલ એટલે કે જનરેશન વાય (Gen-Y) કહેવામાં આવે છે જ્યારે ૨૦૧૨ બાદ જન્મેલા લોકોને આલ્ફા જનરેશન કહેવામાં આવે છે. આજના વર્ક કલ્ચરમાં જનરેશન ઝી અને વાયની મહત્તમ સંખ્યા છે કારણ કે તેઓ ભણી ગણીને કામે લાગી જાય છે. જનરેશન ઝી ઉપર ખૂબ જ આશા લગાવવામાં આવે છે કારણ કે તેઓ ઈન્ટરનેટની દુનિયાનો મહત્તમ ઉપયોગ કરનારી પેઢી છે. તેઓને સામાન્ય રીતે 'ઝૂમર્સ' પણ કહેવાય છે. આ 'ઈન્સ્ટાગ્રામ જનરેશન' છે, જે પુસ્તકોને બદલે ફોન પર સમય પસાર કરવાનું પસંદ કરે છે. અખબારોને બદલે સોશિયલ મીડિયા ઉપર સમાચાર વાંચવા, ટ્રેંડિંગ મીમ્સ બનાવવા, વીડિયો કોલ ઉપર કલાકો સુધી વાતો કરવી, હરવું ફરવું તે તેઓની એક જીવનશૈલીનો એક ભાગ છે. આજના સમયમાં, કાર્યસ્થળ ઉપર Gen-Zની સંખ્યા નોંધપાત્ર રીતે વધી રહી છે. ઓફિસમાં મોટાભાગે ૨૧-૨૨ વર્ષના યુવાનોને કામ કરવા અર્થે રાખવામાં આવે છે. તેમની કામ કરવાની રીત કંઈક અલગ છે. ઘણી વખત તેમના એમ્પલોયર અને બોસીસને તેમની સાથે કામ કરવામાં પણ તકલીફનો અનુભવ થાય છે. તેઓની બાબતે ખૂબ સર્વે થઈ રહ્યા છે. વિશ્વની પ્રતિષ્ઠિત અને સૌથી વિશાળ પ્રોફેશનલ સર્વિસ નેટવર્ક ધરાવતી સંસ્થા ડેલોઈટ તથા અન્ય સંસ્થાઓ દ્વારા ગત વર્ષે તેમના ઉપર અલગ અલગ સર્વે કરવામાં આવ્યા છે તેની ફળશ્રુતિ શું છે તે આ લેખના માધ્યમથી સમજીએ.

'ડેલોઈટ ગ્લોબલ ૨૦૨૪ જેન ઝી અને મિલેનિયલ સર્વે' ૪૪ દેશોમાંથી ૧૪,૪૬૮ જેન ઝી અને ૮,૩૭૩ મિલેનિયલ કુલ ૨૨,૮૪૧ લોકો ઉપર કરવામાં આવ્યો હતો અને ગત વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. મોટાભાગના જેન ઝી ઉત્તરદાતાઓનો જન્મ જાન્યુઆરી ૧૯૯૫ અને ડિસેમ્બર ૨૦૦૫ની વચ્ચે થયો હોય તેવાને આવરી લેવાયા હતા જ્યારે જેન વાય ઉત્તરદાતાઓનો જન્મ જાન્યુઆરી ૧૯૮૩ અને ડિસેમ્બર ૧૯૯૪ની વચ્ચે થયો હતો તેઓને સમાવેશ કરાયો હતો. તે લોકોને વિવિધ માધ્યમથી પ્રશ્નો પૂછીને સર્વે રિપોર્ટ તૈયાર કરાયો હતો.

આવા રિપોર્ટ છેલ્લા ઘણા વર્ષોથી તૈયાર કરાય છે. વર્ષ ૨૦૨૪માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટના મહત્વના બિંદુઓની આપણે ચર્ચા કરીશું. સર્વેના હાર્દ વિશે ચર્ચા કરતા ડેલોઈટ ચીફ પીપલ એન્ડ પર્પઝ ઓફિસર એલિઝાબેથ ફેબર જણાવે છે કે, 'પ્રસ્તુત સર્વેક્ષણ આર્થિક અસુરક્ષા, હાઈ સ્ટ્રેસ લેવલ, પર્યાવરણને લઈને ચિંતા તેમજ એઆઈ સહિતની ટેકનોલોજીના ઉદયથી જોબ ઉપર પડનારી સંભવિત અસરોની સામે સંઘર્ષ કરતા જેન ઝી અને જેન વાય ઉપર છે. આવા પડકાર હોવા છતાં તેઓ હકારાત્મક દૃષ્ટિકોણ રાખે છે અને આશા રાખે છે કે આગામી સમયમાં સમાજ અને કામ




કરવાના સ્થળે તેઓ જે પ્રકારનું પરિવર્તન જોવા માગે છે તે ધીરે ધીરે આવશે.'

### કામના સ્થળે સિદ્ધાંતોને સર્વોપરી માનતા જેન ઝી અને જેન વાય

ડેલોઈટના સર્વે મુજબ કામ કરવું તે જ મહત્વનું નથી પરંતુ કયા હેતુ માટે કામ કરીએ છીએ તે ખૂબ જ મહત્વનું છે તેવું ૮૬ટકા જેન ઝી અને ૮૯ ટકા જેન વાયના લોકો માને છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે જનરેશન પોતાના સિદ્ધાંતોને નોકરીમાં સર્વોપરી માને છે. પોતાના અંગત સિદ્ધાંતો અને માન્યતાઓના કારણે ૫૦ ટકા જેન ઝી અને ૪૩ ટકા જેન વાયના વ્યક્તિઓએ એસાઈનમેન્ટ અને નોકરીને ઠુકરાવી દીધી છે. આ કામગીરી ઠુકરાવવા પાછળ એવું કહેવામાં આવે છે કે આવા કામો કરવાથી પર્યાવરણને નુકસાન થાય તેમ હતું. સમાવેશતાના ધારાધોરણો નહિ જળવાતા હોવાથી અસમાનતા ઊભી થાય તેમ હતું અને કર્મચારીઓના વર્ક લાઈફ બેલેન્સ તેમજ મેન્ટલ સ્થિરતાને અસર પહોંચે તેમ હતું.

### જેન ઝી સાથે કામ પાડવું સૌથી અઘરૂં

'રિઝ્યુમ બિલ્ડર' નામની વેબસાઈટ અને મોબાઈલ એપ્લીકેશન કંપની છે. યુવાનોને તેમના રીઝ્યુમ એકદમ લેટેસ્ટ રીતે અને જોબમાં કામ લાગે તેવી રીતે તૈયાર કરવામાં મદદ કરતી આ કંપની છે. તેમના દ્વારા વર્ષ ૨૦૨૩માં કરવામાં આવેલા સર્વેમાં હતાશાજનક તારણો આવ્યા હતા કે, ૪૯ ટકા બિઝનેસ લિડર્સ અને મેનેજર એવું માને છે કે, જેન ઝીના મોટાભાગના લોકો સાથે કામ કરવું ખૂબ જ અઘરૂં છે. તેઓમાં કોમ્યુનિકેશન સ્કીલની કમી છે એટલે કે કદાચ બિન્દાસ હોઈ શકે, મોટીવેશન નથી અને પ્રયાસો કરવામાં પાછી પાની કરે છે. કેટલાક કિસ્સાઓમાં તો ટેકનોલીજીકલ સ્કિલનો પણ અભાવ જોવા મળે છે. તેથી તેઓ ઉલ્ટાનું જેન વાય જોડે કામ પાડવું વધુ પસંદ કરે છે. જાણીને આશ્ચર્ય થશે કે ૬૫ ટકા બિઝનેસ મેનેજરો અને લીડરોએ પોતાનો મત વ્યક્ત કર્યો હતો કે, બીજી જનરેશન કરતા જેન ઝીને નોકરીમાંથી હાંકી કાઢવા પડે છે. ૧૨ ટકાએ તો જેન ઝીના કર્મચારીને તેણે કામ શરૂ કર્યાના એક જ સપ્તાહમાં પાણીચું આપી દીધું હતું. જેન ઝીને વાત વાતમાં ખોટું લાગી જતું હોવાથી તેઓ કાં તો નોકરીમાંથી પાણીચું અપાય છે અથવા તો પોતે જ નીકળી જાય છે.

### આર્થિક બાબતોની ચિંતા વચ્ચે સુધારાનો આશાવાદ

ડેલોઈટના સર્વે મુજબ છેલ્લા ત્રણ વર્ષથી સાતત્ય રીતે એવી બહાર આવી રહ્યું છે કે, જેન ઝી અને જેન વાય બન્નેને જીવન નિર્વાહ માટેની આર્થિક ચિંતાઓ સતાવી રહી છે. ૫૬ ટકા જેન ઝી અને ૫૫ ટકા જેન વાય એ જણાવ્યું હતું કે, તેઓ આવકની સામે જ ખર્ચને પહોંચી વળતા નથી. તેઓ હંમેશા બે છેડા ભેગા કરવામાં તકલીફ અનુભવે છે. અમુક લોકોએ એવો પ્રતિભાવ આપ્યો હતો કે, તેઓ આર્થિક અસુરક્ષિતતા અનુભવે છે. પરંતુ તેઓને હંમેશા સ્થિતિમાં સુધારાની આશા હોય છે.

### પર્યાવરણ પ્રત્યે સભાનતા

ડેલોઈટના અહેવાલ અનુસાર જેન ઝી અને જેન વાય પર્યાવરણ પ્રત્યે વધુ સભાન છે અને તેઓ માને છે કે ધંધાકીય એકમો પર્યાવરણના સુધારાની બાબતો ઉપર પ્રભાવ લાવી શકે છે અને પરિવર્તન લાવી શકે છે. ઘણાએ તો પર્યવારણને લગતી ચિંતાઓને લઈને નોકરીનો ત્યાગ કર્યો છે. અનુક્રમે ૬૪ ટકા અને ૬૩ ટકા જેન ઝી અને જેન વાય એવા છે કે જેઓ ગ્રાહક તરીકે એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ઉત્પાદનો અને સેવાઓ ખરીદવાનું પસંદ કરે છે. તેઓ વાયુ પ્રદૂષણ ઓછું ઘરવા ઈલેક્ટ્રીક વાહનનો વપરાશ, શાકાહારી કે વીગન ભોજન પ્રણાલી અપનાવવી અને એર ટ્રાવેલ ઓછું કરવા ઉપર પણ ભાર મૂકે છે.

### કામ અને જીવન પ્રણાલીની સમતુલા જાળવવી

જેન ઝી અને જેન વાય જ્યારે નોકરીની પસંદગી કરે છે ત્યારે કામ અને જીવન પ્રણાલી વચ્ચે સમતુલા જળવાય તેવા નોકરીદાતાની ખાસ પસંદગી ઉતારે છે. ઘણા લોકો કામના ભારણના કારણે જીવન શૈલી સાથે સમતુલા નહી જાળવી શકતા હોવાથી સ્ટ્રેસમાં વધારો અનુભવે છે. કોવિડના કારણે જ્યારે વર્ક ફ્રોમ હતું ત્યારે ઘણાને મઝા આવી ગઈ હતી. પરંતુ પાછલા વર્ષથી નોકરીદાતાઓ રિટર્ન ટુ ઓફિસ એટલે કે ઓફિસ આવીને કામ કરો તેવી નીતિ અપનાવી છે ત્યારે તેના મિશ્ર પ્રતિભાવો જોયા હતા. ઘણાનું વર્ક, એન્ગેજમેન્ટ અને કોન્ટ્રીબ્યુશન વધી ગયું જ્યારે ઘણા સ્ટ્રેસ લેવલ વધુ ગયું હતું એટલે કે તણાવમાં આવી ગયા હતા. સર્વે મુજબ પાછલા વર્ષ કરતા તણાવમાં ઘટાડો આવ્યો છે તેમ છતાં ૪૦ ટકા જેન ઝી અને ૩૫ ટકા જેન વાયના લોકોએ કહ્યું હતું કે, તેઓ હજુ પણ તણાવ અનુભવે છે.

### ટેકનોલોજી સાથે તાલમેલ

જનરેશન એઆઈ એટલે કે આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સના કારણે જેન ઝી અને જેન વાયને કામ કરવાની તો મઝા આવે છે પરંતુ સાથે સાથે તેઓને એવી પણ ચિંતા સતાવે છે કે, એઆઈના કારણે જોબની તકો ઘટશે અને તેઓ એવી જોબ શોધવી પડશે કે ટેકનોલોજી આવવાના કારણે તેઓની નોકરી પડી ભાંગે નહીં. ખાસ કરીને એવી સ્કીલ શીખવી કે જેમાં ટેકનોલોજી દરમ્યાનગીરી કરી શકે નહી. પુરૂષોની સરખામણીએર મહિલાઓ ટેકનોલોજીથી અસુરક્ષિતતા વધુ અનુભવે છે. બન્ને જનરેશનને ટેકનોલોજીની મદદથી ઓછી મહેનતે ઝડપથી કામ થતું હોવાથી રોમાંચ તો અનુભવે છે પરંતુ તેના સતત ઉપયોગના કારણે મનના એક ખૂણે ચિંતા થાય છે કે ટેકનોલોજીના કારણે તેમની જોબ રખે જતી રહે અને યુવાનોને વધુ પ્રધાન્ય આપવામાં આવે કે જેઓ ટેકનોલોજીના ઉપયોગથી સુપેરે વાકેફ હોય. અડધા જેટલા જ જેન ઝી અને વાયના લોકોએ મત વ્યકત કર્યો હતો કે, તેમના નોકરીદાતા દ્વારા તેમને નવી ટેકનોલોજીની તાલીમ અને તેના ફાયદા વિશે માહિતી આપે છે. તો મિત્રો નવી પેઢીની સાથે કામ કરવામાં આવે ત્યારે આવા સર્વે કામ આવે છે અને એટલા માટે જ જાણીતી સંસ્થાઓ દ્વારા સર્વે કરવામાં આવે છે કે જેના કારણે બે પેઢીઓ વચ્ચે અંતર ઘટાડીને સમાજ અને રોજગારની તકોનો ઉત્તમ વિકાસ વિકાસ કરી શકાય.

# નથુરામ શર્માનું સાહિત્યમાં યોગદાન વિષયે એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

**સંસ્કૃત પાઠશાળાની સરિતા વહેતી કરી બ્રાહ્મણ સારસ્વતને પંડિતાઈની પાઠશાળામાંપાઠનાં અધ્યયન સાથે સનાતન વૈદિક સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે શ્રી નથુરામ શર્મા આજેય સત્ત સાહિત્યમાં એટલાજ પ્રસ્તુત – પ્રો.(ડો.) અતુલ બાપોદરા કુલપતિ**





જૂનાગઢ, તા.૨૪

ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સંસ્કૃતભવન, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને આનંદાશ્રમ બિલખાનાં સંયુકત ઉપક્રમે પૂ. નથુરામ શર્માનું સાહિત્યમાં યોગદાન વિષયે એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદકૂલપતિ પ્રો.(ડો.) અતુલ બાપોદરાનાં અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો

અધ્યક્ષીય ઉદબોધનમાં પ્રો.(ડો.)અતુલભાઈ બાપોદરાએ જણાવ્યુ હતુ કે સૌરાષ્ટ્રમાં જે સંત પરંપરા અસ્તિત્વમાં રહી છે, તેમાં આનંદઆશ્રમ બીલખાના શ્રીનથુરામ શર્માનું નામ ઉલ્લેખનીય છે. નથુરામ શર્માએ સંસ્કૃત પાઠશાળાની સરિતા વહેતી કરી સારસ્વતોને પાઠશાળામાં અધ્યયન આપવાની શરૂ કરેલ પરંપરા આજેય જીવંત રહી છે. સાથે સનાતન વૈદિક સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે મહત્વનું યોગદાન રહ્યુ છે.

પૂ. નથુરામ શર્માનું સાહિત્યમાં યોગદાન વિષયે આયોજીત રાષ્ટ્રીય પરિસંવાદનાં મુખ્ય વકતા અને પ્રસિધ્ધ ભાગવતાચાર્ય મહાદેવપ્રસાદ મહેતાએ આનંદાશ્રમનાં પુસ્તકાલયમાં જ્ઞાનવર્ધન કરતા અને પં.નથુરામ શર્મા લીખીત ઉપલબ્ધ પુસ્તકોનો સંદર્ભ ટાંકી આનંદાશ્રમની સ્થાપના, સંધ્યાવંદન આદિ આચાર, વર્ણશુદ્ધિ, શાસ્ત્રગ્રંથોનું સંપાદન, પઠન-પાઠન, આધ્યાત્મિક ચર્ચાઓ વગેરે પ્રવૃત્તિઓ અંગે પોતાનાં સ્વાનુભવો વર્ણવી ભાગવત જ્ઞાનની વાત વણી હતી. આનંદાશ્રમનાં ટ્રસ્ટી કૌશીક ત્રિવેદીએ બોધાત્મક વાત કરી બીલખા ઉપરાંત પોરબંદરનાં અડવાણા, મોજીદડ, લીંબુડા, ધ્રાફા, અમદાવાદ મુકામે પુ. નથુરામ શર્મા દ્વારા કાર્યાન્વીત શિક્ષા અને દિક્ષાની પ્રવૃતિઓની જાણકારી આપી હતી.શ્રીમન્ન નથુરામ શર્માજીનાં જીવન અને અભ્યાસ, ત્તત્વચિંતન અને વ્યાખ્યાનો, વયવસાયીક જીવન, દૈવી જીવન, અધ્યયન અને તપસ્યા, સાહિત્ય સર્જન, સનાતન ધર્મ પ્રચાર, દિક્ષા અને શિષ્યવર્ગ, સમાજને યોગદાન, વિષયે વિસ્તૃત વાત રજુ કરી હતી.

દ્વિતીય સત્ર ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ઈતિહાસ અને ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ અને ચર્ચા સત્રનાં અધ્યક્ષ પ્રો.(ડો.) વિશાલ જોષીએ ચર્ચા સત્રમાં સુશ્રી ધનેશ્રી ભટ્ટ, પ્રો.(ડો.) પંકજ રાવલ, ડો. સંગીતા બકોત્રા, શ્રી મધુભાઈ જાની, શ્રી ભરતભાઈ જાની, સહિત વિદ્વાનો સાથે પંડિત નથુરામ શર્માનું સાહિત્યમાં યોગદાન વિષયે ચર્ચા કરી હતી. શોધપ્રત પઠન કાર્યક્રમમાં સંયોજક પ્રા.(ડો.) ઓમ જોષી, ડો. દિનેશ પંડ્યા, પ્રો.(ડો.) મહેશ મેત્રા, પ્રો.(ડો.) એલ.એમ. પાનેસેરીયા, સત્રાધ્યક્ષ પ્રો.(ડો.) લલીત પટેલ, પ્રો.(ડો.) નરેન્દ્ર પંડ્યા, પ્રો.(ડો.) પંકજ રાવલ, સાધક નરેનદ્રભાઈ જોષી, નવાગામનાં સરપંચ મુળુભાઈ વાળા, નાનુભાઈ ગઢવી, ગિજુભાઈ જાનીની ઉપસ્થિતીમાં યુનિનાં શોધસ્કોલર્સ, સંસ્થાનાં સેવકો, અધ્યાપકશ્રીઓ અને પં નથુરામ શર્મા રચિત ગ્રંથોનાં અભ્યાસુઓનાં ૮૫ જેટલા રજુ થયેલ શોધપત્રોનું પઠન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમનાં અંતે યુનિ.નાં કૂલપતિ પ્રો.અતુલભાઈ બાપોદરાનાં અધ્યક્ષ સ્થાને શ્રીશ્રી ગુજરાત આશ્રમ વાસદનાં ડો.સ્વામી હરિહરજી અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનિય છે કે રજુ થયેલ શોધપત્રોનું સંકલન કરી તેનું સુચારૂ સંપાદન થયે સાહિત્ય અકાદમી દ્વારા પુસ્કત સ્વરૂપે પ્રકાશન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં પ્રમુખ હરેશભાઈ ઠુમર, જિલ્લા પંચાયતનાં સદસ્ય અનકભાઈ ભોજક, યુનિ.નાં સરકાર નિયુકત એકઝુકેટીવ કાઉન્સીલનાં સદસ્યશ્રી પ્રો.(ડો.)દિનેશ દઢાણીયા, ડો. દિનાબેન લોઢીયા, રાજેશભાઈ વાડોદરીયા, નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાધલ્યા, યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. મયંક સોની, અગ્રણી છેલભાઈ જોષી, બહાઉદ્દિન કોલેજનાં પ્રિન્સીપાલ ડો. આર.પી. ભટ્ટ, સુભાષ મહિલા કોલેજનાં આચાર્ય પ્રો.(ડો.) બલરામ ચાવડા, અગ્રણી જીતુભાઈ ભીંડી, ચંદુભાઈ વણપરીયા, આનંદાશ્રમનાં ટ્રસ્ટીગણ, પુ.નથુરામ શર્માનાં દેશ-પરદેશથી પધારેલ શિષ્યગણ યુનિ.નાં છાત્રો, અધ્યાપકો, પ્રબુધ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનાં પ્રારંભે આનંદાશ્રમનાં મેનેજીંગ ટ્રસ્ટી ડી.બી. મહેતાએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમનાં અંતે ટ્રસ્ટીશ્રી શોધનભાઈ દેસાઈ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા ડો. નિશીથ ધારૈયા, ડો. પારૂલ ભંડેરી, ડો. મૌલીક કેલૈયા, ડો. અમિત ઘોરીચા, પ્રા. અજય મહેતા, આરતિ જેઠવા, સહિત સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. ઋષિરાજ ઉપાધ્યાએ સંભાળ્યુ હતુ.

### આવતીકાલ ૨૫ જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસ

## ગીર સોમનાથ ધરાવે છે માત્ર એક મતદારનું મતદાન મથક

**ફકત એકજ મતથી વિશ્વ, દેશ અને રાજયો-પંચાયતોમાં હારવા-જીતવાના બનાવો બની ચુકેલા છે**





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૪

સમગ્ર ભારત ૨૫ જાન્યુ.ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવે છે. ત્યારે એ પણ જાણવું રસપ્રદ થશે કે ગીર સોમનાથ જીલ્લામાં બાણેજ ખાતે માત્ર એક જ મતદાર માટે દરેક ચુંટણીએ મતદાન કેન્દ્ર બનાવવામાં આવે છે અને મતદાન તે સ્થળે થાય છે. અને એક મતદાર માટે આઠ માણસોનો ચુંટણી સ્ટાફ સવારથી ચુંટણી સમય પુર્ણ થાય ત્યાં સુધી તે સ્થળે જ રહે છે. ભારત ચુંટણી પંચની સ્થાપના ૧૯૫૦ની ૨૫ મી જાન્યુઆરીએ થઈ અને લોકશાહી ચુંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો.

વર્ષ ૨૦૧૦ માં કેપ્ટન ચાંદ નામના એક મતદારે ચુંટણી પંચની સ્થાપનાના દિવસને 'રાષ્ટ્રીય મતદાતા' દિવસ તરીકે ઉજવવા સુચન કર્યુ છે. જે પંચે સ્વીકાર્યુ અને વર્ષ ૨૦૧૧ થી ૨૫ જાન્યુઆરી 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે ઉજવાય છે.

વર્ષ ૨૦૧૧માં પ્રથમ રાષ્ટ્રીય મતદાતા દિવસ તત્કાલીન ચુંટણી કમિશ્નર એસ.વાય. કુરેશીના નેતૃત્વમાં ઉજવાયો હતો. આ દિવસ ઉજવવાનો ઉદેશ્ય મતદારોને પ્રોત્સાહિત, સન્માન, જાગૃત કરવાનો છે. સોમનાથ-પ્રભાસ પાટણ અને જૂનાગઢે ભારત દેશમાં ચુંટણી પ્રથા અમલ શરૂ થાય તે પહેલા સૌથી પહેલા ભારત સંઘમાં જોડાવાનું મતદાન કરેલ હતું. આપણો મત જ આપણું ભવિષ્ય છે અને એક એક મત કિંમતી અને આપણો અધિકાર છે.

દેશ, વિશ્વ, નગરપાલિકા, રાજય, વિધાનસભા અને લોકસભાની ચુંટણીમાં માત્ર એકજ મતને કારણે હાર-જીત થવાના અનેક દાખલા છે. ૧૯૯૯માં બાજપાઈ સરકારને એક પક્ષે ટેકો પાછો ખેંચતા અને જેને કારણે અવિશ્વાસ દરખાસ્ત ઉપર મતદાન થયું જેમાં સત્તા પક્ષને ૨૬૯ અને વિરોધપક્ષને ૨૭૦ મત મળતા ભારતના તત્કાલીન વડાપ્રધાન બાજપાઈએ વડાપ્રધાન પદે રાજીનામું આપ્યું હતું. આ છે એક મતની તાકાત.

## ભાગનાથ મહાદેવ મંદિર શાપુર ખાતે શિવ અભિષેક-બ્રહ્મ ચોર્યાસીનું આયોજન

જૂનાગઢ તા.૨૪

શાપુર સમસ્ત બ્રહ્મસમાજ તથા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ વંથલીના પ્રમુખ વિનુભાઈ ભટ્ટ તથા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ વંથલીના ઉપપ્રમુખ પંકજભાઈ ત્રિવેદીએ એક યાદીમાં જણાવેલ છે કે, શાપુર સમસ્ત બ્રહ્મસમાજ તથા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના ભુદેવોને જણાવવાનું કે, આગામી તા.૨૫-૧-૨૫ ના રોજ શાપુર મુકામે ભાગનાથ મહાદેવ મંદિરે પંકજભાઈ ત્રિવેદીના યજમાન પદે શિવ અભિષેક રાખવામાં આવેલ છે જે કાર્યક્રમ તા.૨૭-૧-૨૫ મહિનાની શિવરાત્રીના ૪.૩૦ વાગ્યાથી રાખવામાં આવેલ હોય અભિષેક બાદ સાંજના ૭ કલાકે યજમાન પંકજભાઈ ત્રિવેદી તથા ત્રિવેદી પરિવાર તરફથી બ્રહ્મ ચોર્યાસી (ભોજન પ્રસાદ)નું આયોજન રાખેલ હોય જેથી શાપુર સમસ્ત બ્રહ્મસમાજ વંથલીના ભુદેવોએ સહપરિવાર સાથે ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## સોમનાથ આવ્યા ભારત બાર જયોર્તિલીંગ ચાર ધામ, પાંચ સાયકલ યાત્રિકો અને બે પદયાત્રીઓ








(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૪

સોમનાથને આંગણે આજે અનોખો અવસર હતો. જેમાં ભારતના બાર જયોર્તિલીંગ અને ચારધામ કરતા પાંચ સાયકલ સવારો અને બે પદયાત્રીઓ મધ્યપ્રદેશના ઋતિક ચૌહાણ અને અભિષેક યદુવંશી કે જેઓ પગપાળા ભારતના સંપુર્ણ બાર જયોર્તિલીંગો અને ચાર ધામની યાત્રાએ નીકળેલા છે.

જેઓએ ૫ જાન્યુ.૨૦૨૪થી યાત્રા પ્રસ્થાન કર્યુ હતું અને ૮ જયોર્તિલીંગ સાથે ૮૦૦૦ કિ.મી. પદયાત્રા કરી અને હજી ૪૦૦૦ કિલોમીટર પદયાત્રા કરવાના છે. અહીંથી તેઓ દ્વારકા, નાગેશ્વર, બદ્રીકેદાર, ઉજજૈન અને ઓમકારેશ્વર ખાતે યાત્રા સમાપન કરશે. આ યાત્રા કરવાનો તેમનો સંકલ્પ હતો.

મહારાષ્ટ્રના કુણાલ ગુજલે અને પ્રવિણ જાદવ, અમીત પટેલ, જગ્દેશ્વરસિંહ તથા અન્ય સહિત કુલ પાંચ સાયકલ સ્વારો ભારતના બાર જયોર્તિલીંગ અને ચાર ધામની યાત્રાએ નીકળેલ છે. અહીંથી તેઓએ દ્વારકા અને નાગેશ્વર પ્રસ્થાન કર્યુ છે.

યાત્રાનો હેતુ સનાતન ધર્મને આગળ વધારવો અને સાયકલીંગ કરી પ્રદુષણ બચાવો માટે લોકજાગૃતિ લાવવી તે છે. તેઓની યાત્રામાં પ્રયાગરાજ અને અયોધ્યાનો પણ સમાવેશ થાય છે.

જુનમાં તેઓનું શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલા તેઓ યાત્રા પુરી થાય તેવા પ્રયત્ન કરશે. અહીંના લોકોને મળીને તેઓને આનંદ થયો હતો તેમ પદયાત્રી અને સાયકલ યાત્રિકોએ પ્રતિભાવ આપેલ હતા.

## અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગ શરૂ થશે

### પોલીસ ડીપાર્ટમેન્ટમાં ભરતી, કલાર્ક, તલાટી, વનવિભાગ વગેરેની પરીક્ષાની તાલીમ અપાશે

જૂનાગઢ તા. ૨૪

વિદ્યા કેરીયા કલાસીસના સંચાલક યોગેશભાઈ ચાવડા દ્વારા જૂનાગઢમાં વિનામૂલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતી સંસ્થા દ્વારા પોલીસ ભરતી જેવી કે કોન્સ્ટેબલ, પીએસઆઈ, કલાર્ક, તલાટી, વનવિભાગ તેમજ અન્ય સરકારી ભરતીમાં ઉપયોગી થાય એ માટે ફકત અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસ શરૂ થઈ રહયા છે. વિદ્યા કેરીયા કલાસીસમાં યોગેશભાઈ ચાવડા તથા સાથી શિક્ષક ગણ અજયભાઈ ભજગોતર, વિનોદભાઈ જોષી, શ્રી વાળા, નિવૃત પોલીસ કર્ચારી, નિવૃત વન વિભાગના કર્મચારી દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કલાસીસમાં જોડાવા માટે વહેલી તકે કલાસીસનો સંપર્ક કરવાનો રહેશે અથવા મોબાઈલ નં.૭૪૮૭૯ ૨૮૨૭૨નો સંપર્ક કરવા યાદીમાં જણાવેલ છે.

## દ્વારકામાં યોજાયેલ ૧૧૨ માં નિઃશુલ્ક નેત્રયજ્ઞામાં ૨૩૫ દર્દીઓએ લાભ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૪

શ્રી વીરદાદા જશરાજની પુણ્યતિથિ નિમિત્તે દ્વારકામાં ૧૧૨ મો નેત્ર યજ્ઞ યોજાયો જેમાં ૨૩૫ દર્દીઓએ લાભ લીધેલ, જે પૈકી ૯૪ જેટલા દર્દીઓને મોતીયાના ઓપરેશનની આવશ્યકતા હોય તેથી તેવા દર્દીઓને કેમ્પના દિવસે જ રાજકોટ લઈ જઈ તમામ નિઃશુલ્ક વ્યવસ્થાઓ સાથે મોતિયાનું ઓપરેશન કરાવી, નિઃશુલ્ક નેત્રમણી બેસાડી પરત દ્વારકા લાવવામાં આવશે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારકા, શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ, માતુશ્રી મોંઘીબેન હ.વિ.ગો.મે.ચે. ટ્રસ્ટ દ્વારકાના સંયુકત સહયોગથી આ કાર્યક્રમ યોજાયો. આ કેમ્પ નુ દીપ પ્રાગટ્ય ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના અશ્વિનભાઈ ગોકાણી, કે જી હિંડોચા, ડો.ધર્મેન્દ્રભાઈ મજીઠીયા, નંદલાલ માવાણી, સુરેશભાઈ દત્તાણી, અમિતભાઈ થોભાણી, કિરણબેન વાયડા, વિરલભાઈ વાયડા વગેરે મહાનુભવોની ઉપસ્થિતિમાં થયેલ. તેમજ આ સેવાકાર્ય માટે મહેશભાઈ, પ્રવીણભાઈ સહિતના કચ્છી સમાજના ટ્રસ્ટીઓએ શુભેચ્છા પાઠવેલ હતી.



બજેટ કદાચ સારૂં હોય તોય આપણે તો વિરોધ કરવાનો છે, એ ન ભુલી જતો!



દેશના બજેટની ચિંતા છોડી ઘરના બજેટમાં ધ્યાન આપો.!



દેશનો વિકાસ થયાની વાત છોડ, આપણો વિકાસ અટકી ગયો છે તેનું શું?

# પોલીસ કમિશ્નરની અધ્યક્ષતામાં રાજકોટ શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## શહેરમાં ટ્રાફિક નિયમન સુચારૂ, ટ્રાફિક ડ્રાઈવ–જનજાગૃતિ અભિયાન "ટ્રાફિક સેન્સ સ્વવિનય સ્વિકૃતિ કેળવાય તે મુજબ પરિણામલક્ષી કામગીરી" જરૂરી : પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૪

રાજકોટ પોલીસ કમિશ્નરની અધ્યક્ષતામાં રાજકોટ શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. જેમાં શહેરમાં ટ્રાફિક નિયમન સુચારૂ બને અને વાહન અકસ્માતમાં ઘટાડો જોવા મળે તે માટે રોડ એંજિનયિરિંગ, મહત્તમ ટ્રાફિક સિગ્નલ સંચાલન, સાઈનેજીસ અને પબ્લિક અવેરનેસ કાર્યક્રમોમાં "ટ્રાફિક સેન્સ સ્વવિનય સ્વિકૃતિ કેળવાય તે મુજબ પરિણામલક્ષી કામગીરી" હોવી જોઈએ તેમ વિવિધ વિભાગના અધિકારી, પ્રતિનિધિશ્રીઓને પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝાએ મહત્વના સૂચન કરતા જણાવ્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ શહેર ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કરવામાં આવેલા વિવિધ કેસ અને જનજાગૃતિ અભિયાનની કામગીરીની નોંધ લેતા હજુ પણ આ કામગીરી વધુ અસરકરક રીતે કરવા અને વાહન ચાલકો વારંવાર નિયમોનું ઉલંઘન ન કરે તેમજ ટ્રાફિક સેન્સ કેળવાય તે મુજબ કામગીરી કરવા નિર્દેશ આપ્યો હતો. પોલીસ કમિશનરએ વધુમાં જણાવેલ કે, શહરેમાં છેલ્લા કેટલાકે વર્ષોથી જે રીતે વાહનોનું પ્રમાણ વધી રહ્યું છે તે જોતા શહેરમાં ટ્રાફિક સિગ્નલ વધારવા, રોડ એન્જીનીયરીંગ ઉપર સતત કામ કરવા, નો પાર્કિંગ સહિતના સાઈનેજીસની પ્રભાવક કામગીરી કરવા પણ વિવિધ વિભાગના અધિકારીઓને આ તકે કમિશનરએ સૂચના આપી હતી. આ તકે ઉપસ્થિત અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાએ બ્લેક સ્પોટ ઉપરાંત અન્ય જગ્યાએ થતા ફેટલ અકસ્માતમાં તેના કારણો જાણી તેના નિરાકરણ માટે જરૂરી પગલાં લેવા સૂચન કર્યું હતું. રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ ડી.સી.પી. પૂજા યાદવે તેમજ આર.ટી.ઓ. અધિકારી કેતન ખપેડે છેલ્લા ત્રણ માસમાં ટ્રાફિક ડ્રાઈવ અને માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત કરેલી કામગીરીની માહિતી પુરી પાડી હતી. સરકારી કચેરી ખાતે હેલ્મેટ વિરોધી ઝુંબેશ, શાળા કોલેજ ખાતે લાઈસન્સ, શહેરના જુના વિસ્તારમાં દબાણ હટાવ, જુદી જુદી શાળા કોલેજમાં જનજગૃતિ કાર્યક્રમો, બાઈક રેલી, આઈ ચેકઅપ કેમ્પ, ચિત્ર-વકૃત્વ સ્પર્ધાઓ સહિતના કાર્યક્રમોની વિગત પુરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રોડ સેફટીની બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ચર્ચાના અનુસંધાને જરૂરી સુધારાત્મક અમલવારી કરવામાં આવે છે, જેની ફલશ્રુતિ રૂપે વર્ષ ૨૦૨૩ ની સાપેક્ષે ૨૦૨૪માં ફેટલઅકસ્માતમાં ૭.૬૯%, ગંભીરઅકસ્માતમાં ૬.૨૫% સહીત કુલઅકસ્માતમાં ૧૨.૨૪% ઘટાડો નોંધાયેલ છે. આ બેઠકમાં મહાનગરપાલિકા, પીજી.વી.સી.એલ., હાઈવે ઓથોરિટી સહિતના વિવિધ વિભાગ દ્વારા વિવિધ સ્તરે કરવમાં આવેલી કામગીરીની માહિતી પૂરી પડાઈ હતી.

આ તકે નાયબ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, એ.સી.પી. જે.બી. ગઢવી, જે. વી. શાહ સહિત વિવિધ વિભાગના અધિકારી, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માં લઘુતમ ટેકાના ભાવે રૂા. ૨,૪૨૫ પ્રતિ ક્વી. ઘઉંની ખરીદી કરાશે

## વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા માર્ગદર્શન

જૂનાગઢ તા.૨૪

ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે રૂ. ૨,૪૨૫/- પ્રતિ ક્વીન્ટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે. જેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે નોંધણી કરાવવાની શરૂઆત કરવામાં આવી છે. જેથી ઘઉંનું ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા ખેડૂતોને આનો લાભ લેવા અનુરોધ કરાયો છે.


લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમુનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમુના ૧૨ માં પાક વાવણી અંગેના તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો. ખેડુતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડુતોનું જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડુતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડુત ખાતેદારના બાયોમેટ્રીક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામા આવશે જેની નોંધ લેશો.

નોંધણી કરાવતી વખતે તમામ ડોકયુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ /કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવા વિનંતી છે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો તેવા કિસ્સામાં જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે તમને જાણ નહી કરવામાં આવે. આ બાબતે કોઈ મુશકેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ અથવા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરી શકાશે તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ જૂનાગઢના નાયબ જિલ્લા મેનેજરશ્રીની યાદીમાં જણાવાયું છે.

# રિલાયન્સ પરિવારના અનંત અંબાણીએ કર્યા દ્વારકાધીશના દર્શન





(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૪ : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીસના માલિક મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી ગુરૂવારના સાંજે દ્વારકા જગત મંદિર ખાતે પહોચી આવ્યા હતા. જે ઓએ ભગવાન શ્રી દ્વારકાધીશના શયન દર્શન કરી પાદુકા પુજન કર્યુ હતું. અંબાણી પરિવાર દ્વારકાધીશ પ્રત્યે અટુત શ્રધ્ધા ધરાવતા હોવાથી અવાર નવાર શ્રીજીને શિશ ઝૂકાવવા આવે છે.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે ગોતા વોર્ડમાં રૂા. ૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત 'રમત ગમત સંકુલ'નું લોકાર્પણ કરાયું

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ અને રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૪

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર લોકસભા બેઠકના સાંસદ અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર-પશ્ચિમ ઝોનના ગોતા વોર્ડમાં સીમ્સ રેલ્વે ઓવર બ્રીજના સાયન્સ સિટી તરફના ભાગ નીચે અંદાજિત રૂા.૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત રમત ગમત સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ અને રમત-ગમત મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તક્તિ અનાવરણ બાદ મહાનુભાવોએ રમતગમત સંકુલના વિવિધ વિભાગો નિહાળ્યા હતા. આની સાથે સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ સમક્ષ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ થનાર ઈસ્કોનથી પકવાન આઈકોનિક રોડનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદના પેલેડિયમ મોલ પાસે થતા ટ્રાફિકના સોલ્યુશનનું પણ એક પ્રેઝન્ટેશન તજ્જ્ઞો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ બન્ને પ્રેઝન્ટેશન નિહાળીને કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહ અને મહાનુભાવોએ પોતાનાં સૂચન આપીને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર પ્રતિભાબહેન જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન તથા સ્થાનિક આગેવાનો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીએ છે કે, ગોતા વોર્ડમાં રૂા.૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત રમત ગમત સંકુલમાં ટેબલ ટેનિસ, બોક્સ ક્રિકેટ, બાસ્કેટબોલ, પિકલબોબ, વોલિબોલ, ઉપરાંત સ્નૂકર, ચેસ, લુડો, કેરમ સહિત વિવિધ ઈન્ડોર ગેમ્સ નગરજનોને રમવા મળશે.

# બીજ ગામે સમસ્ત કોળી સમાજનો ત્રીજો સમુહ લગ્નોત્સવ યોજાયો

## ૧૯ નવદંપતીઓએ પ્રભુતા પગલા પાડ્યા : સંતો મહંતો, સાંસદ, ધારાસભ્યો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા




(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૪

વેરાવળ તાલુકાના બીજ ગામે સમસ્ત કોળી સમાજનો ત્રીજો સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્ન ઉત્સવ નાનુંગોર બાપાની વાડી મેઈન રોડ ખાતે યોજાયો હતો. જેમાં ૧૯ નવદંપતી પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સમૂહ લગ્નમાં દીકરીઓને ૫૦ જેટલી વસ્તુઓ કરિયાવરમાં ભેટ આપવામાં આવી હતી. સમાજમાં કુરિવાજોને તિલાંજલી આપી સમાજમાં એક્તા સંગઠન શિક્ષણનો વ્યાપ વધે અને ખોટા ખર્ચાઓથી બચે તે માટે સમાજના આગેવાનો દ્વારા હાકલ કરવામાં આવી હતી. એક જ પંગતમાં વિશાળ સંખ્યામાં લોકોએ ભોજન લીધું હતું. આ સમૂહ લગ્નમાં નવદંપતીને આશિર્વચન આપવા માટે પાઘેશ્વરી આશ્રમ મટાણાના ઉપવાસી મહંત કરસનદાસ બાપુ, જૂનાગઢ ગીર-સોમનાથના યુવા સાંસદ રાજેશભાઈ ચુડાસમા, સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, માજી ધારાસભ્ય પુજાભાઈ વંશ ઉના, આરએફઓ રસીલાબેન વાઢેળ, જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર, જીલ્લા પંચાયત સદસ્ય નાથાભાઈ વાજા, પ્રાચી કોળી સમાજ ટ્રસ્ટના પ્રમુખ મેરામણભાઈ વાજા, પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ બચુભાઈ વાજા, પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન ધીરૂભાઈ સોલંકી, દેવેન્દ્રભાઈ સોલંકી કોળી સેના પ્રમુખ, ગડુથી ચારીયા, રાજાભાઈ ચારીયા, વજુભાઈ વાજા, દેવાયતભાઈ મેર રામપરા, પ્રતાપભાઈ બામણીયા સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ, દેવાભાઈ ધારેચા, રમેશભાઈ કેશવાલા સહિતનાના સુત્રાપાડા તાલુકાના આગેવાનો, વેરાવળ તાલુકાના આગેવાનો, તાલાળા તાલુકાના આગેવાનો, કોડીનાર તાલુકાના આગેવાનો, ઉના તાલુકાના આગેવાનો સહિત બીજ ગામના આગેવાનોઓ સહિત તાલુકા પંચાયતના સદસ્યઓ તથા સરપંચઓ તથા ઉપસરપંચઓ તથા સામાજિક, શૈક્ષણિક, તજજ્ઞો, અગ્રણીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બીજ ગામના આગેવાનો યુવાનો અને સમગ્ર ગામજનો હાજરી આપી અને ભાવભેર આ સમૂહ લગ્નને સફળ બનાવ્યો હતો.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# આજે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે




ભારતમાં દર વર્ષે ૨૪મી જાન્યુઆરીએ નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવવામાં આવે છે. ભારતીય સમાજમાં છોકરીઓ જે અસમાનતાનો સામનો કરે છે તે અંગે જનજાગૃતિ ફેલાવવા માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને ભારત સરકાર દ્વારા ૨૦૦૮માં તેની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસ સંગઠિત કાર્યક્રમો સાથે ઉજવવામાં આવે છે જેમાં સેવ ધ ગર્લ ચાઈલ્ડ, બાળ જાતિ ગુણોત્તર અને છોકરીઓ માટે સ્વસ્થ અને સલામત વાતાવરણની રચના વિશે જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે. ૨૦૧૯ માં, દિવસની ઉજવણી 'એમ્પાવરિંગ ગર્લ્સ ફોર એ બ્રાઈટર ટુમોરો' થીમ સાથે કરવામાં આવી હતીનેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણીનો ઉદેશ નીચે મુજબ છે.દેશમાં છોકરીઓ દ્વારા સામનો કરવામાં આવતી અસમાનતાઓને પ્રકાશિત કરોછોકરીના અધિકારો વિશે જાગૃતિનેપ્રોત્સાહન આપોકન્યા કેળવણી, આરોગ્ય અને પોષણના મહત્વ અંગે જાગૃતિ ફેલાવો આંતરરાષ્ટ્રીય કન્યા દિવસની પહેલ પ્લાન ઈન્ટરનેશનલના પ્રોજેક્ટ તરીકે શરૂ થઈ, જે એક બિન-સરકારી સંસ્થા છે જે વિશ્વભરમાં કાર્યરત છે. પ્લાન ઈન્ટરનેશનલના બીકઆઈ એમ એ ગર્લ ઝુંબેશમાંથી આંતરરાષ્ટ્રીય દિવસનું પાલન અને ઉજવણી કરવાનો વિચાર વિકસ્યો છે, જે વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને વિકાસશીલ દેશોમાં છોકરીઓના પાલન-પોષણના મહત્વ વિશે જાગૃતિ લાવે છે.

**- પ્રો. પીન્કી એસ. શર્મા**

# શનીવારે ષટતિલા એકાદશી મહત્વ અને પૂજન

ષટતિલા એકાદશીનું મહત્વ પોષ વદ એકાદશીને શનીવાર તા.૨૫-૧-૨૫ કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવાનું વ્રત એટલે ષટતિલા એકાદશી. ષટતિલા એકાદશીનું વ્રત કરવાથી સર્વ પાપોમાંથી મુક્તિ મળે છે.

**આ વ્રતની વિધિ આ પ્રમાણે છે :** આ વ્રતના દિવસે વ્રતીએ બ્રહ્મચર્યનું પાલન કરવું, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વગેરે હલકી મનોવૃત્તિઓનો ત્યાગ કરવો. એકાદશીના દિવસે પ્રાતઃ કાળે ઊઠી સ્નાન - વિધિથી પરવારી પુરૂષોત્તમ નારાયણનું પૂજન કરવું, એટલે શ્રી કૃષ્ણ ભગવાનનું વિધિવત પૂજન કરવું. સુગંધિત દ્રવ્યો સમર્પણ કરવાં અને અર્ધ્ય આપી પિતૃઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરવી. વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવા અથવા તો વિષ્ણુ ભગવાનના જેટલા નામ બોલી શકાય તેટલા બોલવા પીપળાનું પૂજન કરી પીપળાની પ્રદક્ષિણા ફરવી વ્રતધારીએ પોતાની શક્તિ અનુસાર તલનું ભરેલું પાત્ર અને અને વસ્ત્ર બ્રાહ્મણને દાનમાં આપવા. જેટલા તલનું દાન કર્યું હોય તેટલા હજાર વર્ષ પર્યંત સ્વર્ગ - પ્રાપ્તિ થાય છે. ખાસ કરીને આ એકાદશીના દિવસે વ્રત અને દાન કરવાથી જીવનમાં શાંતિ અવશ્ય મળે છે. આ એકાદશીના દિવસે ઉપવાસ કરવો. મહાભારત અને પદ્મપુરાણ પ્રમાણે વ્રતીએ આ દિવસે- (૧) શરીરે તલના તેલનું માલીશ કરવું, (૨) તલના પાણીથી સ્નાન કરવું, (૩) તલનો હોમ કરવો, (૪) તલ નાખેલા જળનું પાન કરવું, (૫) તલવટ બનાવીને ખાવો અને (૬) તલનું દાન કરવું. આ છ પ્રકારે તલ પાપ નષ્ટ કરે છે. (તિલા અર્થ શું થાય છે તલ)

**એકાદશીનો બોધ :** જીવનમાં લોભ અને મોહનો હંમેશા ત્યાગ કરવો જોઈએ તો જ જીવન શાંતિથી પસાર કરી શકાય છે.

**- જ્યોતિષ આચાર્ય રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની કલા મહાકુંભમાં વિદ્યાર્થીનીઓ વિજેતા બની



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં દર વર્ષે સમગ્ર રાજ્યવ્યાપી સાંસ્કૃતિક કલાઓની સ્પર્ધાઓના સમુહ કાર્યક્રમ તરીકે 'કલા મહાકુંભ'નું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કલા મહાકુંભ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા શહેરની પી.એચ. વીરજીયાણી કન્યાશાળા નં. ૩ ની વિદ્યાર્થીની બહેનોએ પોતાનાં ઉત્કૃષ્ટ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. ભાણવડ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધામાં વ્યક્તિગત ઈવેન્ટ તથા રિધમિક ઈવેન્ટમાં શાળાની વિદ્યાર્થીની ક્રિષ્નાબા જયદિપસિંહ જાડેજાએ પ્રથમ ક્રમ તેમજ રિધમિક ઈવેન્ટમાં વંદના લાખાભાઈ વાઢેરે દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જિલ્લા કક્ષાના કલા મહાકુંભની કથ્થક સ્પર્ધામાં પ્રથમ ક્રમ ભાર્ગવી નીલેશભાઈ નકુમ તથા તૃતીય ક્રમ નંદની દિનેશભાઈ મકવાણાએ પ્રાપ્ત કર્યો હતો. ખંભાળિયા ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની એથલેટિક્સ અંડર ૧૭ ગોળા ફેંક સ્પર્ધામાં મમતા બિશનભાઈ વઢીયારાએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. કલા મહાકુંભની તાલુકા કક્ષાની ભરત નાટ્યમ સ્પર્ધામાં અરફીના ફારૂકભાઈ ખીરાએ દ્વિતીય ક્રમ તથા સંધ્યા હિતેશભાઈ લાડવાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીનીઓને શાળાનાં ખેલ સહાયક શિક્ષિકા જયશ્રીબેન ચાવડાએ ઉત્તમ માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપ્યું હતું. વિદ્યાર્થીનીઓ ભવિષ્યમાં આવનારી સ્પર્ધાઓમાં રાજ્ય તથા નેશનલ કક્ષાએ પોતાના સર્વશ્રેષ્ઠ કૌશલ્યનું પ્રદર્શન કરી, શાળા પરિવાર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાનું નામ ઉજ્જ્વળ કરે તેવી શુભકામનાઓ શાળાના આચાર્ય અતુલભાઈ રાવલે વિદ્યાર્થીનીઓને આપી હતી.

# દ્વારકામાં રવિવારે વિનામૂલ્યે એક્યુપ્રેશર તેમજ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયાના મૂળ વતની અને હાલ લંડન સ્થિત દિનેશભાઈ વિઠ્ઠલદાસ ગણાત્રાના આર્થિક સહયોગથી આરતીબેન દિનેશભાઈ ગણાત્રાના જન્મદિવસ નિમિતે ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપુર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ રાધે ડીફરન્ટલી એબલ્ડ ફાઉન્ડેશન - દ્વારકા દ્વારા દ્વારકા ખાતે રવિવાર તારીખ ૨૬ મીના રોજ સવારે ૮ થી ૨ તેમજ સાંજે ૩:૩૦ થી ૭ સુધી વિના મુલ્યે એક્યુપ્રેશર તેમજ નિદાન કેમ્પનું આયોજન આ રાધે ડિફરન્ટલી એબલ્ડ ફાઉન્ડેશન ગીતામંદિર પાસે, ભડકેશ્વર રોડ, દ્વારકા ખાતે કરવામાં આવ્યું છે. રાજકોટના સર્વ હિત એક્યુપ્રેશર સેન્ટરના પ્રબંધક મધુબેન પી. જોષી દ્વારા શરીરના દરેક રોગો જેવા કે કમરદર્દ, સાયટીકા, વા તેમજ સ્ત્રી રોગો તેમજ કોઈ પણ જુના રોગોના ઈલાજ માટે તેમની ટીમ દ્વારા એક્યુપ્રેશરના આધુનિક મશીનથી સારવાર વિના મુલ્યે આપવામાં આવશે તેમજ તેના માટેની જરૂરી આયુર્વેદિક દવાઓ પણ આ કેમ્પમાં વિના મુલ્યે આપવામાં આવશે. આ કેમ્પમાં લાભ લેવા ઈચ્છતા લોકોએ તેમનું નામ નોંધાવવું ફરજીયાત છે. જે માટે શનિવાર તા. ૨૫ સુધીમાં ૦૮૦ - ૬૨૧૭૭૬૧૭ નામ લખાવી શકાશે.

# જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ભાજપ મેયર તરીકે કોને પ્રોજેકટ કરશે ? અટકળો

## મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં મેયર તરીકે મહેન્દ્ર મશરૂને જાહેર કર્યા જયારે છેલ્લી ચૂંટણીમાં ધીરૂભાઈ ગોહેલની મેયર તરીકે જાહેરાત કરી હતી : આ વખતે કોણ ?

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીની રણનીતિ શું રહેશે તેમજ આ વખતની ચૂંટણીમાં મેયરપદનાં ઉમેદવાર તરીકે કોનું નામ જાહેર કરશે તેવી ચર્ચાઓ જોરશોરથી ઉઠવા પામી છે. તો બીજી તરફ અટકળોનો દોર પણ સતત શરૂ થયો છે.

જૂનાગઢ મહાનગર પાલિકાની સ્થાપના થયા બાદ એટલે કે નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ પ્રથમ કોર્પોરેશનની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસનું શાસન કબ્જે કરવા માટે મેયર તરીકે મહેન્દ્ર મશરૂનું નામ જાહેર કર્યુ હતું અને બહુમતી મેળવી હતી અને ત્યારબાદની કોર્પોરેશનની ચૂંટણીમાં મંત્રી કક્ષાનાં ભાજપનાં સંનિષ્ઠ કાર્યકર્તાઓને ચૂંટણીજંગનાં મેદાનમાં ઉતારી ભાજપનું શાસન કોર્પોરેશનમાં સ્થાપ્યું હતું. જયારે ગત વખતની કોર્પોરેશનની ચૂંટણીમાં મેયર તરીકે ધીરૂભાઈ ગોહેલનું નામ જાહેર કરી જૂનાગઢ કોર્પોરેશનમાં ભાજપે ફરી એકવખત શાસન સ્થાપ્યું હતું. પાંચ વર્ષનાં સમયગાળા બાદ જયારે આગામી તા. ૧૬ ફેબ્રુઆરીએ મનપાની ચૂંટણી આવી રહી છે ત્યારે આ પાંચ વર્ષમાં અનુક સમીકરણો બદલાયા છે અને આ સંજોગોમાં જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણી આવી છે ત્યારે આ ચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાનાં જંગ સમાન બની જવાની છે તેવો લોકમિજાજ આજે જોવા મળી રહયો છે.આગામી ચૂંટણીને અનુલક્ષીને ભાજપ - કોંગ્રેસ, આપ, એનસીપી તેમજ અપક્ષ દ્વારા પણ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે લોકોમાં એવી ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે કે, આ વખતની ચૂંટણીમાં કોર્પોરેશનનું રાજ કબ્જે કરવા માટે ભાજપની શું રણનિતી હશે ? સંબંધીત તમામની મીટ મંડાયેલી છે.

### આગામી તા. ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન

# ભવનાથ ખાતે યોજાનાર મહાશિવરાત્રી મેળા અંગે તડામાર તૈયારી

## મહાશિવરાત્રીના મેળામાં પધારનાર ભાવિકો માટે પ્રાથમિક સુવિધાઓ અને જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવા માટે સૂચના આપતા કલેકટર









જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તિર્થક્ષેત્રમાં ભવનાથ મહાદેવના સાનિધ્યમાં દર વર્ષે યોજાતા શિવરાત્રીના મહામેળાની તૈયારી હાથ ધરવામાં આવી છે. અહી આવનારા લાખો શ્રધ્ધાળુઓ માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે અને બેઠકોનો દોર ચાલી રહયો છે. મહાશિવરાત્રીના મેળાનો આગામી તા. ૨૨ ફેબ્રુઆરી થી પ્રારંભ થશે. ત્યારે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓના આયોજન માટે વિવિધ વિભાગો- કચેરીઓના અધિકારીઓને પ્રશાસનીક બેઠક યોજાઈ હતી.

મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજે કલેકટર કચેરી ખાતે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં મહાશિવરાત્રીના મેળામાં પધારનાર ભાવિકો માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓ અને વ્યવસ્થાઓ કરવા માટે પરામર્શ કરવામાં આવ્યો હતો.

કલેક્ટરશ્રીએ મોટી સંખ્યામાં ઉમટનાર ભાવિકો માટે પીવાના પાણી, સ્વચ્છતા, માર્ગ મરામત પરિવહન, ફાયર સેફટી, આરોગ્ય, વીજળી સહિતની સુવિધાઓ અને વ્યવસ્થા કરવા માટે સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને ભવનાથ વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રતિબંધની ખાસ અમલવારી કરાવવા કલેકટરશ્રી એ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. સેવાભાવી સંસ્થાઓ અને ઉતારા મંડળ સાથે પણ જરૂરી સુવિધા ઉભી કરવા અને સ્વચ્છતા સહિતની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સંકલન કરવા પણ નિર્દેશ આપ્યા હતા. ટ્રાફિક નિયમન અને પાર્કિંગ માટે સંબંધિત અધિકારીઓને સ્થળ વિઝીટ કરીને જરૂરી આયોજન કરવા પણ સૂચના આપી હતી.

શ્રદ્ધાળુઓનું આરોગ્ય ન જોખમાઈ તે માટે ક્લોરિનેશનયુક્ત પીવાનું પાણી અને બિન આરોગ્યપ્રદ તથા ભેળસેળ વાળા ખાદ્ય પદાર્થોનું વેચાણ ન થાય અને અખાદ્ય પદાર્થોનો નાશ કરવા તેમજ જરૂરી પગલાં લેવા માટે પણ સૂચના આપી હતી. આરોગ્ય સેવાઓ માટે હંગામી દવાખાના શરૂ કરવા ઉપરાંત જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ રહે તે માટે પણ સૂચના આપી હતી. ઉપરાંત પરિવહન સુવિધા માટે વધારાની એસટી બસો અને ટ્રેન દોડાવવા માટેનું આયોજન હાથ કરવા પણ નિર્દેશ આપ્યા હતા.મહાશિવરાત્રીના મેળામાં આવતા ભાવિકો જૂનાગઢના અન્ય દર્શનીય સ્થળોએ પણ જતા હોય છે, જેથી ગિરનાર, ઉપરકોટ, રોપ વે, મ્યુઝિયમ, સહિતના સ્થળોએ જરૂરી વ્યવસ્થા કરવા માટે જણાવ્યું હતું. આ બેઠકમાં દૂધ, એલપીજી સિલિન્ડર, ચીજ વસ્તુઓ નિયત થયેલ દરે જ વેચાણ થાય તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત યાત્રી સહાયતા કેન્દ્ર અને કંટ્રોલરૂમ શરૂ કરવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, અધિક નિવાસી કલેકટરએન.એફ ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસીંહ ગોહિલ, નાયબ પોલીસ અધિક્ષકહિતેષ ધાંધલીયા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં શિશુમંગલ સંસ્થાના વૃધ્ધ ગાર્ડે ફાંસો ખાતા મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં ગાંધીગ્રામમાં આવેલ શિશુમંગલ સંસ્થાના વૃધ્ધ ગાર્ડએ ગળાફાંસો ખાઈને મોતને મીઠું કરી લેતા ગમગીની પ્રસરી ગઈ હતી. પોલીસે નિવેદન લઈ તપાસ હાથ ધરી હતી. જૂનાગઢ શહેરના રાયકા નગરમાં રહેતા અને ગાંધીગ્રામમાં આવેલ શિશુ મંગલ સંસ્થામાં ગાર્ડની નોકરી કરતા ૬૫ વર્ષીય કાળુભાઈ ખોડાભાઈ ચાવડા બુધવારની રાત્રે ગાર્ડની ફરજ ઉપર આવ્યા હતા અને ગુરૂવારની સવારે ૭ વાગ્યાની આસપાસ સંસ્થાની લોબીમાં જાળી સાથે દોરી વડે લટકીને ગળાફાંસો ખાઈ લીધો હતો. આ અંગેની જાણ થતાં સી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વૃદ્ધના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી કરી હતી. વૃદ્ધના આપઘાત પાછળનું કારણ બહાર નહીં આવતા હેડ કોન્સ્ટેબલ વીએન ડાંગરે વિજયભાઈ લલીતભાઈ ચોલેરાનું નિવેદન લઈ તપાસ હાથ ધરી હતી. જયારે અન્ય બનાવમાં નદીમાં ડૂબી જવાથી માનસિક અસ્થિર યુવકનું મોત નિપજ્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ હાથ ધરી હતી. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર કેશોદના શેરગઢ ગામના ૪૩ વર્ષીય મનુભાઈ કરણાભાઈ દયાતર નામના યુવકનું નદીમાં ડૂબી જવાથી મૃત્યું નીપજ્યું હતું શેરગઢ ગામે રહેતા મનુભાઈ કરણાભાઈ માનસિક અસ્થિર હતા. ગત તા. ૨૨ જાન્યુઆરીના રોજ સાંજે આકસ્મિક રીતે ગામની નદીમાં પડી જવાના કારણે ડૂબી જવાથી મૃત્યું નિપજ્યું હતું. આ અંગે કરસનભાઈ વાલાભાઈ દયાતરએ જાણ કરતા પોલીસે યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢના મજેવડી ગામે અગાઉના મનદુઃખે હુમલો : ૪ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ તાલુકાના મજેવડી ગામે મોટર સાયકલ ભટકાવવાના મનદુઃખે ૪ શખ્સોએ હુમલો કર્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે સદામભાઈ કાસમભાઈ શેખે રીયાઝ અલ્લારખા ભટી, ઈમરાન અલ્લારખા ભટી, શાહરૂખ અલ્લારખા ભટી, ઈલ્યાસ સીડા રહે.તમામ મજેવડી વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના કુટુંબી ભત્રીજા સાથે ઈમરાન ભટીનું મોટર સાયકલ ભટકાયેલ હોય જેથી ફરીયાદીએ આરોપીઓને સમજાવેલ હોય જેનું મનદુઃખ રાખી આરોપીઓએ ગત તા.૨૧ના રોજ મોટર સાયકલો ઉપર આવી તલવાર, લોખંડના પાઈપ, લાકડી વડે હુમલો કરી, ડેલીમાં તોડફોડ કરી, મોટર સાયકલ સળગાવી દીધાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં છાંયા બજાર યુવક મંડળ દ્વારા વણીક સોશ્યલ ગૃપના પ્રમુખ કુશલ પારેખનું સન્માન કરાયું





જૂનાગઢ તા.૨૪

જૂનાગઢની સેવાભાવી સંસ્થા વણીક સોશ્યલ ગૃપનાં પ્રમુખ કુશલ પારેખનું સન્માન કરવામાં આવતા તેને આવકારવામાં આવેલ છે.

તાજેતરમાં છાયાબજાર યુવક મંડળ દ્વારા સુંદરકાંડનાં પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વણીક સોશ્યલ ગૃપનાં પ્રમુખ કુશલ પારેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે છાંયા બજાર યુવક મંડળ દ્વારા શાલ ઓઢાડી કુશલ પારેખનું સન્માન કરવામાં આવ્યું હતું. જે બદલ છાંયા બજાર યુવક મંડળનાં હોદ્દેદારો સાગર લાઠીગરા, ગોપાલ કોટેચા, જય ગઢીયા, અમર ઉનડકટ, માધવ રૂપારેલીયા, હર્ષ રૂપારેલીયા, પરાક્રમસિંહ ચુડાસમા, રાજુભાઈ, નલિનભાઈ, આકાશભાઈ, કેતનભાઈ પરમાર સહિતનાનો કુશલ પારેખ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

# અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૨ ફેબ્રુઆરીના યોજાશે





જૂનાગઢ તા.૨૪

યુવાનોમાં સાહસ જોમ અને જુસ્સો વધારનારી અત્યંત લોકપ્રિય બની ગયેલી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા રાજયકક્ષાની યોજાયા બાદ આગામી ૨ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજવામાં આવનાર છે અને જે અંગે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ગુજરાત રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ સંચાલિત ભારત ભરના યુવક અને યુવતિઓ માટેની અખિલ ભારત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધા આગામી તા.૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ભવનાથ તળેટી થી અંબાજી મંદીર ૫૫૦૦ પગથીયાં સુધી યોજાશે.

જેમાં ભારતના જુદા-જુદા રાજયોમાંથી ૫૭૦ જેટલા અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જુનાગઢ ખાતે આવેલ છે.

વધુમાં ગુજરાત રાજયના ૫ જુદા-જુદા સ્થળ જેવા કે ઓસમ પર્વત, ચોટીલા પર્વત, ઈડર પર્વત, પાવગઢ પર્વત અને પારનેરા પર્વત ખાતે યોજાતી આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૧૦ વિજેતાઓ અને રાજયકક્ષા ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના પ્રથમ ૨૫ વિજેતાઓ આ સ્પર્ધામાં ભાગ લેશે.

આ સ્પર્ધાની તૈયારીના ભાગ રુપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ ૦૮ (આઠ)સમિતીની રચના કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓએ ૩૧ જાન્યુઆરીના રોજ સીનીયર/જુનીયર ભાઈઓ માટે સનાતન ધર્મશાળા અને સીનીયર/જુનીયર બહેનો માટે ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતિની વાડી, ભવનાથ તળેટી ખાતે રિપોટિંગ, નિવાસ વ્યવસ્થા રાખેલ છે. અને આગામી ૩૧ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી સુધી સ્પર્ધામાં ભાગ લેનાર દરેક ખેલાડીઓએ સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ કરવામાં આવશે.

આ સ્પર્ધા માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી **Facebook Id–Dydo Junagadh** પર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫-૨૬૩૦૪૯૦ ઉપર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વિભાગવાર સ્પર્ધકોની સંખ્યા

| ક્રમ | રાજયનું નામ | વિભાગવાર રાજયના સ્પર્ધકોની સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | સિ.ભાઈઓ | જુ.ભાઈઓ | સિ.બહેનો | જુ.બહેનો | |
| 1 | ગુજરાત | 45 | 55 | 45 | 55 | 200 |
| 2 | દીવ દમણ | 59 | 17 | 3 | 8 | 87 |
| 4 | હરિયાણા | 31 | 8 | 8 | 6 | 53 |
| 5 | મહારાષ્ટ્ર | 5 | 1 | 0 | 0 | 6 |
| 6 | રાજસ્થાન | 17 | 0 | 6 | 0 | 23 |
| 7 | ઉત્તરપ્રદેશ | 14 | 7 | 6 | 6 | 33 |
| 8 | મધ્યપ્રદેશ | 22 | 6 | 5 | 0 | 33 |
| 9 | ઉત્તરાખંડ | 2 | 1 | 2 | 1 | 6 |
| 10 | તેલંગાણા | 4 | 1 | 0 | 0 | 5 |
| 11 | મણિપુર | 0 | 5 | 0 | 0 | 5 |
| 12 | ઝારખંડ | 0 | 1 | 0 | 0 | 1 |
| 13 | આંધ્રપ્રદેશ | 1 | 0 | 1 | 0 | 2 |
| 14 | દિલ્હી | 4 | 0 | 0 | 0 | 4 |
| 15 | હિમાચલ પ્રદેશ | 1 | 0 | 0 | 0 | 1 |
| 16 | છત્તીસગઢ | 3 | 0 | 0 | 0 | 3 |
| 17 | કર્ણાટક | 8 | 0 | 0 | 0 | 8 |
| 18 | પંજાબ | 1 | 0 | 0 | 0 | 1 |
| 19 | જમ્મુ કશ્મીર | 4 | 0 | 0 | 0 | 4 |
| 20 | બિહાર | 24 | 55 | 11 | 5 | 95 |
| | કુલ... | 245 | 157 | 87 | 81 | 570 |


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.





બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા

મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ

મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.

સીંગતેલ લેવા માટેનું સ્થળ :

ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )


અન્યો માટે રાહતદરે સારવાર

હરિ–કલા +

યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન





ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪





ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

